# Day to Day Current Affairs
# December-2016

## 1.December. 2016

**(૧) વિશ્વ એઇડ્સ દિવસ**

**(૨) દેશના દરેક થિયેટરોમાં ફિલ્મ પહેલા ફરજીયાત રાષ્ટ્રગાન :**

- તાજેતરમાં જ સુપ્રીમ કોર્ટ દેશના તમામ થિયેટરોમાં ફિલ્મ પ્રદર્શિત કરતાં પહેલા ફરજીયાત રાષ્ટ્રગાન લગાડવા આદેશ આપ્યો.
- રાષ્ટ્રગાન વખતે દરેક દર્શક સન્માન માટે ઉભો થાય જ્યારે વિકલાંગોને ઉભા થવામાંથી મુક્તિ આપવામાં આવી છે.
- રાષ્ટ્રગાન વખતે દરેક દર્શક સન્માન માટે ઉભો થાય જ્યારે વિકલાંગોને ઉભા થવામાંથી મુક્તિ આપવામાં આવી છે.
- રાષ્ટ્રગાન વખતને થીયેટરના તમામ દરવાજા બંધ કરવાના રહેશે. અધુરું રાષ્ટ્રગાન ન વગાડાય તેની તકેદારી પણ રાખવી જોઇએ.
- રાષ્ટ્રગાન વખતે સ્ક્રીન પર રાષ્ટ્રધ્વજ દર્શાવવો ફરજીયાત છે.
- તેમજ કોઇ વ્યક્તિએ રાષ્ટ્રગાન વગાડીને વ્યવસાયીક લાભ લેવો જોઇએ નહી તથા અનિચ્છનીય સ્થળો અને વસ્તુઓ પર રાષ્ટ્રગાનના ઉપયોગ પર સુપ્રીમ કોર્ટ પ્રતિબંધ લગાવ્યો છે.
- રાષ્ટ્રગીત સાથે જોડાયેલી ખાસ માહિતી :
- ૧૯૧૧માં રવિન્દ્રનાથ ટાગોરે લખેલા આ ગીતને ૨૫ જાન્યુઆરી ૧૯૫૦ના રોજ રાષ્ટ્રગીત જાહેર કરવામાં આવ્યું હતું.
- સંવિધાન સભાની અંતિમ બેઠકની પૂર્ણાહુતીમાં ૨૬ નવેમ્બર, ૧૯૫૦ના રોજ પૂર્ણિમા બેનરજીના અવાજમાં પ્રથમવાર રાષ્ટ્રગાન તરીકે 'જન ગણ મન' ગવાયું હતું.
- ૧૯૧૧માં 'જન ગણ મન' પ્રથમ વાર કોંગ્રેસના કોલકત્તા અધિવેશનમાં ગવાયું હતું. જેના અધ્યક્ષ પં. બિશન નારાયણ ધર હતા.
- પહેલી વાર 'જન ગણ મણ' ની સંગીતમય પ્રસ્તુતી જર્મનીના હેમ્બર્ગ શહેરમાં થઇ હતી.
- ભારતીય રાષ્ટ્રગાનનું શરૂઆતમાં 'સુબહ સુખ ચેન' એવું નામ રાખવામાં આવ્યું હતું.
- રાષ્ટ્રગાન સત્તાવાર રીતે ૫૨ સેકન્ડમાં પૂરું થવું જોઇએ એવો નિયમ છે.

**(૩) ટાઇમ મેગેઝીનની યાદગાર ૧૦૦ તસવીરોમાં મહાત્મા ગાંધીની તસવીરને સ્થાન :**

- પ્રખ્યાત ટાઇમ મેગેઝીને 'ઇમેજીસ ધેટ ચેન્જ ધ વર્લ્ડ' નામનો ૧૦૦ તસવીરોનો સંગ્રહ તૈયાર કર્યો છે.
- આ ૧૦૦ સૌથી પ્રભાવશાળી તસવીરોમાં ૧૮૨૦થી માંડીને ૨૦૧૫ સુધી લેવામાં આવેલી તસવીરોનો સમાવેશ કર્યો છે.
- આ ૧૦૦ તસવીરોમાં ૧૯૪૬માં મહાત્મા ગાંધીની ચરખા સાથે લેવામાં આવેલી તસવીરને પણ સ્થાન મળ્યું છે.
- મહાત્મા ગાંધીની આ બ્લેક એન્ડ વ્હાઇટ તસવીર અમેરિકન ફોટોગ્રાફર માર્ગારેટ બર્ક – વ્હાઇટે લીધી હતી.
- તસવીરમાં ચશ્મા પહેરેલા ગાંધીજી જમીન ઉપર બેઠેલા અને કંકઇ વાંચી રહેલા જણાય છે.
- જ્યારે તેમની સામે ખાદી કાંતવાનો ચરખો રાખેલો દેખાય છે.
- આ તસવીરે ખેચવામં આવી ત્યારે ગાંધીજીના સચિવ પ્યારેલાલે એવી શરત મુકી હતી કે માર્ગારેટ ચરખો ચલાવવાનું શીખશે તો જ તસવીર લઇ શકશે. તેથી માર્ગારેટ ચરખો ચલાવવાનું શિખવા પ્રયાસ પણ કર્યો હતો.

**(૪) વિરાટ કોહલી – ટેસ્ટ ક્રિકેટમાં કારકીર્દિનો શ્રેષ્ઠ એવોર્ડ :**

- તાજેતરમાં ઇંગ્લેન્ડ સામેની ટેસ્ટ શ્રેણીની ત્રીજી મેચના અને આઇસીસી દ્વારા ટેસ્ટ રેન્કિંગ જાહેર કરાયા
- આ રેન્કિંગ મુજબ વિરાટ કોહલીએ તેની ટેસ્ટ ક્રિકેટ કારકીર્દિમાં શ્રેષ્ઠ રેન્ક મેળવતા ત્રીજો રેન્ક મેળવ્યો છે.
- કોહલી હાલમાં ટી–૨૦ માં પ્રથમ, વન ડે માં બીજા અને ટેસ્ટમાં ત્રીજા સ્થાને પર છે.

પ્રશ્નો :

(૧) વિશ્વ એઇડ્સ દિવસ ક્યારે મનાવાય છે.
- ૧ ડિસેમ્બર

(૨) તાજેતરમાં સુપ્રીમ કોર્ટે કઇ જગ્યા પર રાષ્ટ્રગાન વગાડનું ફરજીયાતનો આદેશ આપ્યો છે. ?
- દેશના દરેક થીયેટરમાં ફિલ્મ પહેલા.

(૩) સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ રાષ્ટ્રગાનના સન્માન માટે ઉભા થવા કોને મુક્તિ અપાઇ છે ?
- વિકલાંગ

(૪) ૧ ડિસેમ્બર–૨૦૧૬ની સ્થિતિએ વિરાટ કોહલીનો ટેસ્ટ ક્રિકેટમાં રેન્ક જણાવો.
- ત્રીજો.

(૫) તાજેતરમાં કયાં મેગેઝીને વિશ્વને બદલનાર ૧૦૦ તસવીરોનો સંગ્રહ તૈયાર કર્યો છે ?
- ટાઇમ મેગેઝીન

(૬) ટાઇમ મેગેઝીન દ્વારા તૈયાર કરાયેલ ૧૦૦ તસવીરોના સંગ્રહને શું નામ આપવામાં આવ્યું ?
- ઇમેજીસ ધેટ ચેન્જ ધ વર્લ્ડ

(૭) ટાઇમ મેગેઝીનની 'ઇમેજીસ ધેટ ચેન્જ ધ વર્લ્ડ' ૧૦૦ તસવીરોનો સંગ્રહ કયા સમયગાળાનો છે ?
- ૧૮૨૦–૨૦૧૫

(૮) ટાઇમ મેગેઝીનની ૧૦૦ પ્રભાવશાળી તસવીરોમાં કયાં ભારતીય મહાનુભાવની તસ્વીરને સ્થાન મળ્યું છે ?
- મહાત્મા ગાંધી (ચરખા માટે)

(૯) ૧૯૪૬માં મહાત્મા ગાંધીની ચરખા સાથે લેવાયેલ તસવીર કોણે ખેચી હતી ?
- અમેરિકન ફોટોગ્રાફર માર્ગારેટ બર્ક વ્હાઇટ

(૧૦) ૧૯૪૬માં મહાત્મા ગાંધીની ચરખા માટે તસવીર ખેંચાઇ ત્યારે તેમના સચીવ કોણ હતા ?
- પ્યારેલાલ

## 2.December. 2016

**(૧) વર્લ્ડ કોમ્પ્યુટર લિટરસી ડે**

**(૨) વર્લ્ડ ચેસ ચેમ્પિયનશીપ :**

Vivekanand Academy Gandhinagar

- નોર્વેના ડિફેન્ડિંગ વર્લ્ડ ચેસ ચેમ્પિયન મેગ્નસ કાર્લસને સળંગ ત્રીજી વખત વર્લ્ડ ચેસ ચેમ્પિયનશીપનો ખીતાબ જીતી લીધો.
- કાર્લસને ફાઇનલમાં રશિયા ચેલેન્જર સેર્ગેઇ કાર્જકિનને હરાવી આ ખીતાબ જીત્યો હતો.
- અમેરિકાના ન્યૂયોર્ક ખાતે વર્લ્ચ ચેસ ચેમ્પિયનશીપનું આયોજન થયું હતું.
- કાર્લસને ૨૦૧૩ અને ૨૦૧૪માં ભારતના વિશ્વનાથન આનંદને હરાવીને ચેસ ચેમ્પિયનનો ખીતાબ જીત્યો હતો.
- કાર્લસનને સાડા ચાર કરોડ (છ લાખ ૬૦ હજાર ડોલર) જેટલું ઇનામ મળ્યું હતું.

**(૨) 'નડા' વાવાઝોડું**

- તમિલનાડુના દરિયાકાંઠે બંગાળના અખાતમાં આવેલું વાવાઝોડું

પ્રશ્ન :

(૧) ૨ ડિસેમ્બરના દિવસે કયો વૈશ્વિક દિવસ મનાવાય છે ?
- વર્લ્ડ કોમ્પ્યુટર લિટરસી ડે

(૨) વર્લ્ડ ચેસ ચેમ્પિયનશીપ–૨૦૧૬ વિજેતા ?
- મેગ્નસ કાર્લસન – નોર્વે

(૩) વર્લ્ડ ચેસ ચેમ્પિયનશીપમાં કાર્લસને કોને પરાજય આપ્યો ?
- સેર્ગેઇ કાર્જકિન, રશિયા

(૪) વર્લ્ડ ચેસ ચેમ્પિયનશીપ – ૨૦૧૬નું આયોજન
- ન્યૂર્યોક, અમેરિકા

(૫) તાજેતરમાં ચર્ચામાં આવેલા 'નડા' શું છે ?
- વાવાઝોડું

## 3.December. 2016

**(૧) વિશ્વ વિકલાંગ દિવસ**

**(૨) પી.વી. સિંધુ : બેડમિન્ટન**

- રિયો ઓલિમ્પિકમાં સિલ્વર મેડલ જીતનારી ભારતીય મહિલા શટલર પી.વી. સિંધુ વર્લ્ડ બેડમિન્ટન રેન્કમાં પોતાના શ્રેષ્ઠ સાતમાં સ્થાને પહોચી ગઇ છે.
- સિંધુએ આ વર્ષે પોતાનું પડેલી ચીન ઓપનનું ટાઇટલ જીત્યું હતું જ્યારે હોંગકોંગ ઓપનમાં રનર્સઅપ રહી હતી.

**(૩) નિકો રેસબર્ગ :**

- ફોર્મ્યુલા વન ચેમ્પિયન નિકો રોસબર્ગે નિવૃત્તી જાહેર કરી.
- મર્સિડીઝ ટીમના સુપર રેસર તરીકે ઉભરી આવેલા નિકો રોસબર્ગે ચાર દિવસ પહેલા જ દુબઇ ગ્રાં. પી.માં ચેમ્પિયન બન્યો હતો.

પ્રશ્નો :

(૧) ૩ ડિસેમ્બરના રોજ કયો વૈશ્વિક દિવસ મનાવાય છે ?
- વિશ્વ વિકલાંગ દિવસ

(૨) ૩ ડિસેમ્બર, ૨૦૧૬ની સ્થિતિએ બેડમિન્ટન સ્ટાર પી.વી. સિંધુએ તેની કારકીર્દિનો કયો શ્રેષ્ઠ રેન્ક મેળવ્યો ?
- સાતમો

(૩) પી.વી.સિંધુએ આ વર્ષે કયું પ્રથમ ટાઇટલ જીત્યું ?
- ચીન ઓપન

(૪) તાજેતરમાં કયાં ફોર્મ્યુલા વન ચેમ્પિયને નિવૃત્તી જાહેર કરી ?
- નિકો રોસબર્ગ

## 4.December. 2016

**(૧) નેવી ડે**

- ભારતીય નૌકાદળ ૪ ડિસેમ્બરના રોજ નેવી ડે તરીકે ઉજવે છે
- ભારત– પાકિસ્તાન વચ્ચે ૧૯૭૧ના યુદ્ધમાં નૌકાદળ પણ સામેલ થયું હતું જેને 'ઓપરેશન ટ્રાઇડેન્ટ નામ આપવામાં આવ્યું હતું.
- ભારતીય નેવલ બેઝ દ્વારા આ દિવસે કરાંચી ઉપર વિજય મેળવ્યો હતો તેની યાદમાં દર વર્ષે આ દિવસ મનાવાય છે.
- આ ઉપરાંત ભારતીય નેવી દ્વારા ડિસેમ્બરના પ્રથમ અઠવાડિયાને આ ઉજવણીના ભાગરૂપે નેવી વીક તરીકે ઉજવે છે.

**(૨) શેખ અબ્દુલ્લા થાની – કતાર વડાપ્રધાન**

- કતારના વડાપ્રધાન અને પ્રતિનિધિ મંડળ હાલ ભારતની મુલાકાતે
- બંને દેશો વચ્ચે વિઝા, સાયબર, સ્પેસ અને રોકાણ સંબંધી ચાર સમજુતીઓ પર હસ્તાક્ષર થયા હતા.
- વર્ષ ૨૦૨૨માં કતારમાં યોજાનાર ફિફા વર્લ્ડકપ માટે માળખાકીય પ્રોજેક્ટમાં ભારત સહયોગ કરશે.
- આ ઉપરાંત કતાર ખાતે ભારતીય કંપનીઓ હાઇડ્રોકાર્બન ક્ષેત્રમાં રોકાણ પણ કરશે.

**(૩) પી.વી. સીંધુ : બેડમિન્ટન**

- પી.વી.સિંધુ ૨૦૧૬માં સૌથી વધુ સર્ચ કરનાર ભારતીય એથ્લીટ બની ગઇ છે.
- યાહુ દ્વારા જાહેર કરાયેલ યાહુ ઇ યર ઇન રિવ્યુ – ૨૦૧૬માં ટોપ–૧૦ સૌથી વધુ ભારતમાં સર્ચ થયેલ સ્પોર્ટ્સ પર્સનમાં ભારતના જ નવ ખેલાડીઓનો સમાવેશ થયો છે.
- આ યાદીમાં એકમાત્ર વિદેશી ખેલાડી આર્જેન્ટિનાના ફુટબોલર લિયોનેલ મેસ્સીને છઠ્ઠુ સ્થાન મળ્યું છે.
- ટોપ–૧૦ સર્ચ થનાર સ્પોર્ટ્સ પર્સન

| | | | |
|---|---|---|---|
| (૧) | પી.વી. સિંધુ | બેડમિન્ટન | ભારત |
| (૨) | દીપા કરમાકર | જીમ્નાસ્ટ | ભારત |
| (૩) | એમ.એસ.ધોની | ક્રિકેટ | ભારત |
| (૪) | વિરાટ કોહલી | ક્રિકેટ | ભારત |
| (૫) | સાક્ષી મલીક | કુસ્તી | ભારત |
| (૬) | લીયોનેલ મેસી | ફુટબોલ | આર્જેન્ટિના |
| (૭) | નરસિંહ યાદવ | રેસલર | ભારત |
| (૮) | સચીન તેંડુલકર | ક્રિકેટ | ભારત |
| (૯) | સાનિયા મિર્ઝા | ટેનિસ | ભારત |
| (૧૦) | સાઇના નેહવાલ | બેડમિન્ટન | ભારત |

**(૪) વર્લ્ડ કુસન ટીમ સ્કવોશ ચેમ્પિયનશીપ :**

- આ ચેમ્પિયનશીપમાં ભારતીય મહિલા ટીમ કેનજેડાને હરાવી નવમા સ્થાને રહી હતી.
- ભારતની સ્ટાર ખેલાડી : જોશના ચિનધ્યા, દીપિકા પાદુકોણ
- આ ચેમ્પિયનશીપનું આયોજન પેરીસ ખાતે થયું હતું.

**(૫) આઇએએફ એફ એથ્લેટ ઓફ ધ યર એવોર્ડ :**

- જમૈકાના ઝડપી દોડવીર ઉસેન બોલ્ટને ટ્રેક એન્ડ ફિલ્ડમાં વર્ષનો સૌથી સર્વશ્રેષ્ઠ એથ્લીટ જાહેર કરાયો છે.

Vivekanand Academy Gandhinagar

- આ એવોર્ડ ઇન્ટરનેશનલ એચેમ્યોર એથ્લેટિક્સ ફેડરેશન દ્વારા દર વર્ષે અપાય છે જે એથ્લેટીક્સમાં સર્વશ્રેષ્ઠ એવોર્ડ મનાય છે.
- બોલ્ટે છઠ્ઠી વખત આ એવોર્ડ જીત્યો છે.
- મહિલા વિભાગમાં સર્વશ્રેષ્ઠ એથ્લીટનો એવોર્ડ ઇથોપીયાની અલ્માઝર અયાનાને એનાયત થયો હતો.
- આયાનાએ રીયો ઓલિમ્પિકમાં દશ હજાર મીટર દૌડમાં વર્લ્ડ રેકોર્ડ આપ્યો હતો.

પ્રશ્નો :

(૧) ભારતીય નૌકાદળ નેવી ડે ક્યારે મનાવાય છે ?
- ૪ ડિસેમ્બર

(૨) ભારત–પાકિસ્તાન ૧૯૭૧ યુદ્ધમાં ભારતીય નૌકાદળ સામેલ થયુ તેના ઓપરેશનનું નામ જણાવો.
- ઓપરેશન ટ્રાઇડેન્ટ

(૩) નેવી વીક ક્યારે મનાવાય છે ?
- ડિસેમ્બર માસનું પ્રથમ વીક

(૪) કતારના વડાપ્રધાનનું નામ જણાવો.
- શેખ અબ્દુલ્લા થાની

(૫) ફિફા વર્લ્ડકપ– ૨૦૨૨ ક્યાં યોજાશે ?
- કતાર

(૬) તાજેતરમાં ભારત–કતાર વચ્ચે કેટલા કરાર થયા ?
- ચાર

(૭) યાહુના યાહુ ઇ યર ઇન રિવ્યુ – ૨૦૧૬ મુવજબ ભારતમાં સર્ચ થનાર ખેલાડી ?
- પી.વી. સિંધુ

(૮) તાજેતરમાં પેરીસ ખાતે યોજાયેલ વર્લ્ડ વુમન ટીમ સ્કવોશ ચેમ્પિયનશીપમાં ભારતીય મહિલા ટીમ કયાં ક્રમે રહી હતી ?
- નવમાં

(૯) IAAF એથ્લેટ ઓફ ધ યર – ૨૦૧૬ વિજેતા ?
- ઉસેન બોલ્ટ, જમૈકા

(૧૦) IAAFએથ્લેટ્ ઓફ ધ યર– ૨૦૧૬ મહિલા વિભાગમાં વિજેતા ?
- અહમાઝ અયાના , ઇથેભીયા

## 5.December. 2016

**(૧) વિશ્વ ભૂમિ દિવસ**
- વર્ષ ૨૦૧૫ને આંતરરાષ્ટ્રીય ભૂમિ વર્ષ તરીકે ઉજવવામાં આવ્યું છે.

**(૨) હાર્ટ ઓફ એશિયા સમિટ**
- આ વર્ષે પંજાબના અમૃતસરમાં બે દિવસીયા હાર્ટ ઓફ એશિયા સમિટ યોજાઇ.
- આ વખતનો ક્રમ : છઠ્ઠો
- આ સમિટ મુખ્યત્વે આતંકવાદના લીધે પડી ભાંગેલ અફઘાનિસ્તાનને ફરી ઉભું કરવા માટે તથા આતંકવાદને ડામવાના હેતુ માટે યોજાય છે.
- આ સમિટમાં ૪૦ જેટલા દેશોએ ભાગ લીધો હતો.
- સમિટની સાથે ભારત અફઘાનિસ્તાન વચ્ચે વેપાર માટે એર કોરિડોર બનાવવાનો કરાર પણ થયો હતો.

(૩) મહિલા ટી–૨૦ એશિયા કપ :
- ભારતીય મહિલા ટીમે સળંગ છઠ્ઠી વખત એશિયા ટી–૨૦ કપ જીત્યો.
- ફાઇનલમાં ભારતીય ટીમે પાકિસ્તાનને પરાજય આપ્યો.
- દર બે વર્ષે યોજાતો આ ટી–૨૦ કપ ૭ વખત યોજાયો છે. જે તમામ ભારતે પોતાના નામે કર્યો છે.
- ભારત કેપ્ટન : મીતાલીરાજ
- આ વર્ષે થાઇલેન્ડ ખાતે આયોજન થયું હતું.
- ભારતની સ્ટાર ખેલાડી અને કેપ્ટન મિતાલી રાજ પ્લેયર ઓફ ધ મેચ અને પ્લેયર ઓફ ધ સિરિઝ બની.

**(૪) મુકેશ કુમાર : ગોલ્ફ**
- ભારતીય ગોલ્ફર મુકેશ કુમાર પેનાસોનિક ઓપનનું ટાઇટલ જીત્યા.
- આ સાથે મુકેશ એશિયન ટૂર ટાઇટલ જીતનાર સૌથી મોટીઉંમરના ગોલ્ફર બની ગયા છે.

**(૫) વર્લ્ડ આયુર્વેદ કોંગ્રેસ :**
- આયુર્વેદ શિક્ષણ – સંશોધન અને ચિકિત્સાના ક્ષેત્રને નવી રાહ ચીધતો વર્લ્ડ આયુર્વેદ કોંગ્રેસ અને આરોગ્ય એક્સ્પો કોલકત્તા ખાતે યોજાયો.
- ૧ થી ૪ ડિસેમ્બર દરમિયાના યોજાયેલ આ વર્લ્ડ આયુર્વેદ કોંગ્રેસનો આ વખતનો ક્રમ– ૭ મો

પ્રશ્નો :

(૧) આંતરરાષ્ટ્રીય ભૂમિ વર્ષ કયાં વર્ષ મનાવાયું હતું ?
- ૨૦૧૫

(૨) વિશ્વ ભૂમિ દિવસ ક્યારે મનાવાય છે ?
- ૫ ડિસેમ્બર

(૩) હાર્ટ ઓફ એશિયા સમિટ : ૨૦૧૬નું આયોજન કયાં થયું ?
- અમૃતસર, પંજાબ

(૪) હાર્ટ ઓફ એશિયા સમિટ આ વખતનો ક્રમ જણાવો.
- છઠ્ઠો

(૫) હાર્ટ ઓફ અશેચિા સમિટ– ૨૦૧૬માં ભારતે કયા દેશ સાથે વેપાર માટે એર કોરીડોર બનાવવા કરાર કર્યા ?
- અફઘાનિસ્તાન

(૬) મહિલા ટી–૨૦ એશિયા કપ – ૨૦૧૬ વિજેતા ?
- ભારત

(૭) મહિલા ટી–૨૦ એશિયા કપ, ૨૦૧૬ રનર્સ અપ ?
- પાકિસ્તાન

(૮) ભારતીય મહિલા ક્રિકેટ ટીમના કેપ્ટન જણાવો ?
- મિતાલી રાજ

(૯) મહિલા ટી–૨૦ એશિયા કપ – ૨૦૧૬નું આયોજન કયાં થયું હતું ?
- થાઇલેન્ડ

(૧૦) ભારતીય મુકેશ કુમાર કઈ રમત સાથે સંકળાયેલ છે ?
- ગોલ્ફ

(૧૧) તાજેતરમાં વર્લ્ડ આયુર્વેદ કોંગ્રેસનું આયોજન કયાં થયું ?
- કોલકત્તા

(૧૧) વર્લ્ડ આયુર્વેદ કોંગ્રેસ– ૨૦૧૬ નો ક્રમ જણાવો.
- સાતમો

## 6.December. 2016

**(૧) ડૉ. બાબાસાહેબ આંબેડકરનો ૬૧મો મહાપરિનિર્વાણ દિવસ**

**(૨) હોમગાર્ડઝ ડે :**
- ડૉ. ઝાકીર હુસૈન હોમગાર્ડઝ દળની સ્થાપના કરી હતી.
- પૂર્વ પ્રધાનમંત્રી મોરારજીભાઇ દેસાઇએ હોમગાર્ડઝને દળમાં પણ સામેલ કર્યા હતા.



Vivekanand Academy Gandhinagar

(૩) વેલ્સ ઇન્ટરનેશનલ ચેલેન્જ બેડમિન્ટન ટૂર્નામેન્ટ :
- ભારતીય બેડમિન્ટન જોડી અશ્વિની પોનપ્પા અને એન.સિક્કી રેડ્ડીની મહિલા જોડી વેલ્સ ઇન્ટરનેશનલ ચેલેન્જ બેડમિન્ટનમાં રનર અપ રહી.
- આ ભારતીય જોડીને રશિયાની ઓલ્ગા મોર્ઝાવાની જોડીએ પરાજય આપ્યો હતો.

(૪) હિરો વર્લ્ડ ગોલ્ફ ચેમ્પિયન – ૨૦૧૬
- જાપાનના હિદેકી મત્સુયામાએ ૨૦૧૬નું હિરો વર્લ્ડ ચેલેન્જ ગોલ્ફનું ટાઇટલ જીતી લીધું.

(૫) ઇટાલીના વડાપ્રધાન મેત્તો રેન્જિનું રાજીનામું :
- બંધારણીય ફેરફાર કરવાના મુદ્દે ઇટાલીમાં લોકમત લેવામાં આવ્યો હતો.
- આ લોકસભામાં જનતાએ સુધારાની વિરૂદ્ધમાં મતદાન કરતાં તેઓએ રાજીનામું આપ્યું.
- ઇટાલી પ્રમુખ : સર્જીયો મત્તેરેલા

(૬) ન્યૂઝિલેન્ડના વડાપ્રધાન જોડ કી નું રાજીનામું :
- આઠ વર્ષ સુધી શાષન કર્યા બાદ ન્યૂઝિલેન્ડના વડાપ્રધાન જોન કીએ રાજીનામું આપ્યું.
- તેમણે પરિવારને સમય આપવા માટે વડાપ્રધાન પદનો હોદ્દો છોડ્યો
- તેમણે તાજેતરમાં જ વડાપ્રધાન તરીકે આઠ અને પક્ષ પ્રમુખ તરીકે ૧૦ વર્ષ પૂર્ણ કર્યા હતા.
- પક્ષ : નેશનલ પાર્ટી
- ઓક્ટોબરમાં તેઓ ભારતના ત્રણ દિવસના પ્રવાસે આવ્યા હતા.

(૭) બી.એસ. ભૂલ્લર :
- બી.એસ. ભૂલ્લરને ડાયરેક્ટર જનરલ ઓફ સીવીલ એવીએશન (ડીજીસીએ) ના વડા બનાવવામાં આવ્યા.
- હવે તેઓ ભૂતપૂર્વ ડીજીસીએ એમ.સત્યવતીની જગ્યા લેશે.
- તેઓ ૧૯૮૬ બેચના આઇએએસ ઓફિસર છે.

પ્રશ્નો :

(૧) ૬ ડિસેમ્બર ૨૦૧૬ના રોજ ડૉ. બાબા સાહેબ આંબેડકર નો કેટલામો મહાપરિનિર્વાણ દિન હતો ?
- ૬૧ મો

(૨) હોમ ગાર્ડઝ ડે ક્યારે મનાવાય છે ?
- ૬ ડિસેમ્બર

(૩) વેલ્સ ઇન્ટરનેશનલ ચેલેન્જ બેડમિન્ટન ટૂર્નામેન્ટમાં કઈ ભારતીય મહિલ જોડી રનર અપ રહી છે ?
- અશ્વિનિ પોનપ્પા અને એન. સિક્કી રેડ્ડી

(૪) હિરો વર્લ્ડ ચેલેન્જ ગોલ્ફ ચેમ્પિયનશીપ– ૨૦૧૬વિજેતા ?
- હિદેકી મત્સુયામા, જાપાન

(૫) ડિસેમ્બર ૨૦૧૬માં રાજીનામું આપેલ ઇટાલીના વડાપ્રધાનનું નામ જણાવો.
- મેત્તો રેન્જિ

(૬) તાજેતરમાં વડાપ્રધાન પદેથી રાજીનામું આપનાર ન્યૂઝિલેન્ડના પી.એમ.નું નામ જણાવો.
- જોન કી

(૭) તાજેતરમાં ડીજીસીએના વડા કોને બનાવવામાં આવ્યા ?
- બી.એસ. ભૂલ્લર

## 7.December. 2016

(૧) સશસ્ત્ર સેના ધ્વજ દિન :
- રાષ્ટ્રની રક્ષા કાજે પોતાનો પ્રાણ ન્યોછાવર કરનાર વીર સૈનિકોના પરિવારજનો પોતાનો જીવન નિર્વાહ કરી શકે તે માટે પ્રતિ વર્ષ ૭ ડિસેમ્બર સશસ્ત્ર સેના ધ્વજદિન ઉજવી તેમના માટે ભંડોળ એકઠું કરવામાં આવે છે.
- આ ભંડોળ શહિદ તેમજ યુદ્ધ અને સૈનિક કાર્યવાહીમાં ક્ષતિગ્રસ્ત થવાને લીધે સેનામાંથી છૂટા કરાયેલા જવાનો અને તેમના પરિવારો માટે ઉપયોગમાં લેવાય છે.

(૨) તમિલનાડુના મુખ્યપ્રધાન જયલલિતાનું અવસાન :
- તમિલનાડુના મુખ્યપ્રધાન જયલલિતાનું લાંબી બિમારી બાદ ૫ ડિસેમ્બરના રોજ રાત્રે ૧૧.૩૦ વાગ્યે અવસાન.
- દ.ભારતના ‘આર્યન લેડી’ અને ‘અમ્મા’ ના હુલામણા નામથી જાણીતા જયલલિતાના નિધન બાદ તમિલનાડુમાં સાત દિવસનો શોક તથા સ્કુલ કોલેજ ૩ દિવસ બંધ રહેશે.
- જય લલિતાની રાષ્ટ્રીય સન્માન સાથે ચેન્નાઇના મરિના બિચ પર તેમના ગુરૂ એમજીઆરની સમાધિપાસે જ દફનવિધિ કરાઇ.
- પક્ષ : ઓલ ઇન્ડિયા અન્ના દ્રવિડ મુનેત્ર કઝગમ (AIDMK)
- જન્મ : ૨૪ ફેબ્રુઆરી, ૧૯૪૮ મૈસુરના માંડ્યા જિલ્લામાં એક બ્રાહ્મણ પરિવારમાં
- ૧૯૬૧માં બાળકલ્યાણ તરીકે જયાએ એક્ટિંગ શરૂ કરી.
- ૧૯૬૪માં તેઓ મુખ્ય હિરોઇન બન્યા ત્યારે તેઓ માત્ર ૧૫ વર્ષના હતા. મુખ્ય હિરોઇન તરીકે પ્રથમ ફિલ્મનું નામ : ચિનાંદા ગોમબે (સોનાની ઢીંગલી ) હતું.
- તેમણે તેલુગુ, તામિલ, કન્નડ, અંગ્રેજી અને હિન્દી એમ ૧૨૫ જેટલી ફિલ્મોમાં કામ કર્યું છે.
- ૧૯૮૦માં ફિલ્મ ઇન્ડસ્ટ્રી છોડી ૧૯૮૨માં રાજકારણમાં સક્રિય થયા.
- ૧૯૯૧માં ૯૫ટકા સીટ્સ જીતીને તમિલનાડુના સૌથી ઓછી વયના મુખ્યપ્રધાન બન્યા.
- આ વખત મુખ્યમંત્રીપદ પર રહી ગયેલા અમ્મા એવા પ્રથમ મુખ્યમંત્રી હતા જેમણે અપ્રમાણસર આવકના મુદ્દે સુપ્રિમ કોર્ટના આદેશથી હોદ્દો છોડ્યો હતો.

(૩) જસ્ટિસ જે.એસ. ખેહર
- જસ્ટિસ જે.એસ. ખેહર ભારતના આગામી મુખ્ય ન્યાયાધીશ બનશે.
- ૪ જાન્યુઆરી, ૨૦૧૭ના રોજ રાષ્ટ્રપતિ પ્રણમ મુખરજી તેમને હોદ્દાના શપધ લેવડાવશે.
- તેઓ ભારતના ૪૪માં મુખ્ય ન્યાયાધીશન બનશે.
- તેમનો કાર્યકાળ ૪ જાન્યુઆરી, ૨૦૧૭થી ૪ ઓગસ્ટ ૨૦૧૭ સુધીનો હશે.
- તેઓ મુખ્યન્યાયમૂર્તિ બનનારા પ્રથમ શીખ વ્યક્તિ છે.
- ૪ જાન્યુઆરીથી તેઓ ટી.એસ. ઠાકુરનું સ્થાન લેશે.

(૪) મહિલા : જુનિયર હોકી વર્લ્ડ કપ :
- વિજેતા : આર્જેન્ટિના
- હરીફ : નેધરલેન્ડ્સ
- ચિલીના સેન્ટિયાગો ખાતે આ ટૂર્નામેન્ટનું આયોજન થયું હતું.

(૫) ટિન્કલ ભંડારી : ક્રિકેટર
- મૂળ બીલીમોરાના દેવસર ગામના ટિન્કલ ભંડારીને ઓમાનની નેશનલ ટીમમાં સ્થાન મળ્યું.

Vivekanand Academy Gandhinagar

– સૌરાષ્ટ્રની ટી–૨૦ ટીમમાં પણ સ્થાન મેળવી ચૂકેલ ટિન્કલ વિકેટ કિપર અને ઓપનર છે.

પ્રશ્ન :

(૧) તાજેતરમાં કયા રાજ્યના મુખ્યપ્રધાનનું અવસાન થયું ?
– તમિલનાડુ
(૨) તમિલનાડુમાં અવસાન પામેલ મુખ્યપ્રધાનનું નામ જણાવો.
– જય લલિતા
(૩) જયલલિતાનું અવસાન કઈ તારીખે થયું હતું ?
– ૫ ડિસેમ્બર, ૨૦૧૬
(૪) જયલલિતા કયા પક્ષના હતા ?
– ઓલ ઇન્ડિયા અન્ના
(૫) જયલલિતાની દફનવિધિ કયા સ્થળે કરવામાં આવી ?
– ચેન્નઇના મરિના બિચ પાસે
(૬) મુખ્ય હિરોઇન તરીકે તેમની પ્રથમ ફિલ્મ કઇ હતી ?
– ચિનાંદા ગોમ્બે
(૭) તેમણે ધર્મેન્દ્ર સાથે કઈ હિન્દી ફિલ્મમાં કામ કર્યું હતું ?
– ઇજ્જત
(૮) કયા વર્ષમાં ‘અમ્મા’ તમિલનાડુના સૌથી ઓછી વયના મુખ્યપ્રધાન બન્યા હતા ?
– ૧૯૯૧
(૯) ભારતના આગામી મુખ્ય ન્યાયાધીશ કોણે હશે ?
– જે.એસ ખેહર
(૧૦) જે.એસ. ખેહર કેટલામાં મુખ્ય ન્યાયમૂર્તિ બનશે ?
– ૪૪ માં
(૧૧) મહિલા હોકી જૂનિયર વર્લ્ડ કપ વિજેતા ટીમ ?
– આર્જેન્ટિના
(૧૨) મહિલા હોકી જુનિયર વર્લ્ડકપ રનર્સ અપ ટીમ ?
– નેધરલેન્ડ
(૧૩) જૂનિયર મહિલા હોકી વર્લ્ડકપ ક્યાં યોજાયો હતો ?
– ચીલી
(૧૪) તાજેતરમાં કયા ગુજરાતી ક્રિકેટરને ઓમાનની નેશનલ ટીમમાં સ્થાન મળ્યું ?
– ટિન્કલ ભંડારી
(૧૫) સશસ્ત્ર સેના ધ્વજદિન ક્યારે મનાવાય છે ?
– ૭ ડિસેમ્બર

## 8.December. 2016

**(૧) ટાઇમ પર્સન ઓફ ધ યર : ૨૦૧૬**

– અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીને પાછળ રાખી ‘ટાઇમ પર્સન ઓફ ધ યર’ બની ગયા છે.
– ટાઇમ મેગેઝીન ટ્રમ્પને ‘પ્રેસિડેન્ટ ઓફ ધ ડિવાઇડેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા’ ગણાવ્યા
– ટાઇમ મેગેઝીન દ્વારા છેલ્લા ૧૬ વર્ષથી સતત જે વર્ષ અમેરિકાના નવા રાષ્ટ્રપ્રમુખ જાહેર થાય તેને જ પર્સન ઓફ ધ યર જાહેર કરવામાં આવે છે.
– આ યાદીમાં રનર્સ અપ તરીકે હિલેરી ક્લિન્ટન અને બીજા રનર્સ અપ તરીકે ઓનલાન હેકર્સ રહ્યા હતા.
– ટાઇમ મેગેઝીન દ્વારા કરાયેલા ઓનલાઇન સર્વેક્ષણમાં રીડર્સ કેટેગરીમાં વડાપ્રધાન મોદી ‘પર્સન ઓફ ધ યર જાહેર થયા છે.
– નરેન્દ્ર મોદીની રીડર્સ પોલમાં સર્વાધીક ૧૮ ટકા મત મળ્યા હતા.
– વર્ષ ૧૯૯૮ થી ટાઇમ દ્વારા રીડર્સ પોલ કરવામાં આવે છે અને રીડર્સ કેટેગરીમાં પર્સન ઓફ ધ યરની જાહેરાત કરાઇ છે.
– પરંતુ રીડર્સ પોલમાં પર્સન ઓફ ધ યર જાહેર થાય એ જ વ્યક્તિને ટાઇમ મેગેઝીનના પર્સન ઓફ ધ યર જાહેર કરે એ જરૂરી નથી.
– નરેન્દ્ર મોદી અગાઉ ૨૦૧૪માં પણ રીડર્સ પોલમાં વિજેતા બન્યા હતા.
– અમેરિકામાં ૧૯૨૭માં ટાઇમ દ્વારા જાણીતું મેગેઝીન શરૂ કરવામાં આવ્યું હતું.
– મહાત્મા ગાંધીજી એકમાત્ર ભારતીય છે જેમને વર્ષ ૧૯૩૦માં આ ખિતાબથી સન્માનીત કરવામાં આવ્યા હતા.
– ૧૯૯૯માં આ ખિતાબનું નામ ‘મેન ઓફ ધ યર’ થી બદલીને ‘પર્સન ઓફ ધ યર’ કરવામાં આવ્યું.

**(૨) આર.બી.આઇ – પાંચમી બાય – મન્થલી મોનેટરી પોલિસી :**

– નોટબંધી બાદની પ્રથમ આર્થિક સમિક્ષામાં આરબીઆઇએ તમામ વ્યાજદર યથાવત્ રાખ્યા.
– આર.બી.આઇએ ટૂંકાગાળાના ધિરાણદર તરીકે ઓળખાતો રેપો રેટ ૬.૨૫ ટકાના સ્તરે યથાવત જાળવી રાખ્યો.
– ગર્વનર ઉર્જિત પટેલે ઓક્ટોબરમાં મળેલી ચોથી દ્વિમાસીક સમિક્ષામાં રેપોરેટમાં ૦.૨૫ નો ઘટાડો કરી ૬.૨૫ વ્યાજદર રાખ્યો હતો.
– નોટબંધી બાદ સીઆરઆર ૪ ટકા અને રિવર્સ રેપો રેટ ૫.૭૫ ટકા સાથે યથાવત રાખ્યો.
– તેમજ દેશનો આર્થિક વૃદ્ધિદર અંદાજે ૭.૬ ટકાથી ઘટાડીને ૭.૧ ટકા કર્યા તથા ફુગાવા લક્ષ્યાંક માર્ચ–૧૭ માટે ૫ ટકા યથાવત જાળવી રખાયો છે.

**(૩) ઇસરોએ રિસોર્સસેટ –2A સેટેલાઇટ અવકાશમા છોડ્યો**

– ભારતની અવકાશ સંસ્થા ઇસરોએ રિમોટ સેન્સિંગ સેટેલાઇટ રિસોર્સ – 2A નું સફળ પરિક્ષણ કર્યું.
– આંધ્રપ્રદેશના શ્રી હરિકોટાથી સતત કાર્યશીલ રહેતા પોલર લોન્ચ વેહિકલ (PSLV -(36)) દ્વારા આ ઉપગ્રહ અવકાશમાં છોડ્યો હતો.
– ૧૯૩૫ કિલો વજનનો આ સેટેલાઇટ ખેતી વિષયક એપ્લિકેશનમાં ઉપયોગી થશે.
– આ સેટેલાઇટની મદદથી પાકનો વિસ્તાર અંદાજીત ઉપજ, દુષ્કાળ સામે રક્ષણના પગલા વગેરે કામો સરળતાથી થઇ શકશે.

**(૪) ચો રામાસ્વામી : પત્રકાર**

– વરિષ્ઠ પત્રકાર અને પૂર્વ રાજ્યસભાના સાંસદ ચો રામાસ્વામીનું અવસાન.
– જયલલિતાના રાજકીય સલાહકાર રહી ચુકેલા રામાસ્વામી તમિલ પત્રિકા ‘તુઘલક’ ના તંત્રી હતા

**(૫) રાષ્ટ્રીય માનસિક જગત દિન**

પ્રશ્નો :

(૧) ટાઇમ પર્સન ઓફ ધ યર – ૨૦૧૬ કોણ બન્યુ ?
– અમેરીકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ’
(૨) ટાઇમ પર્સન ઓફ ધ યર – ૨૦૧૬માં રીડર્સ પોલમાં સૌથી આગળ રહેલ નરેન્દ્ર મોદીને કેટલા ટકા મત મળ્યા હતા ?
– ૧૮ ટકા

Vivekanand Academy Gandhinagar

(૩) ટાઇમ પર્સન ઓફ ધ યરનો ખીતાબ કયાં એકમાત્ર ભારતીયને મળ્યો છે ? ક્યારે ?
- મહાત્મા ગાંધીજી – ૧૯૩૦
(૪) નોટબંધી બાદ આરબીઆઇની પાંચમી નાણાં સમિક્ષામાં રેપોરેટ કેટલો રખાયો છે ?
- ૬.૨૫ ટકા
(૫) આરબીઆઇ દ્વારા દેશનો આર્થિક વિકાસ દરનો અંદાજ કેટલો આંકવામાં આવ્યો ?
- ૭.૧ ટકા
(૬) ડિસેમ્બર – ૨૦૧૬માં ઇસરોએ કયો સેટેલાઇટ અવકાશમાં છોડ્યો ?
- રિસોર્સસેટ – 2A

## 9.December. 2016

**(૧) આંતરરાષ્ટ્રીય ભ્રષ્ટાચાર વિરોધ દિન**
- ટ્રાન્સપરન્સી ઇન્ટરનેશનલ નામની સંસ્થા દ્વારા વિશ્વના ૧૬૮ દેશોમાં ભ્રષ્ટાચાર મુદ્દે સર્વે કરાયો.
- આ સર્વે મુજબ ૩૮ અંક સાથે ભારતનો ૭૬મો ક્રમ આવ્યો છે તેનો અર્થ એવો થયો કે અન્ય ૭૫ દેશોમાં ભારતની તુલનાએ ઓછો ભ્રષ્ટાચાર થાય છે
- સૌથી ઓછા ભ્રષ્ટ દેશોમાં ડેન્માર્ક ૯૧ અંક સાથે પ્રથમ સ્થાને ત્યારબાદ ફિનલેન્ડ અને સ્વિડન અને સ્વિડન અનુક્રમે બીજા અને ત્રીજા સ્થાને છે.
- જ્યારે સોમાલિયા અને ઉ.કોરિયા ૮ અંક સ્થાને સૌથી ભ્રષ્ટ દેશો છે.

**(૨) શ્રીલાલ શુક્લ સ્મૃતિ સાહિત્ય સન્માન :**
- હિન્દીના વરિષ્ઠ નવલકથાકાર કમલાંકાંત ત્રિપાઠીને તેમના સાહિત્યમાં યોગદાન માટે આ વર્ષનું શ્રીલાલ શુક્લ સાહિત્ય સન્માન આપવામાં આવશે.
- દિલ્હી ખાતે ૩૧ જાન્યુઆરીના રોજ ૧૧ લાખ રૂ.ની રાશી આપી તેઓને સન્માનીત કરાશે.

**(૩) ડિજિટલ પેમેન્ટ કરનારને સરકાર દ્વારા અલગ ઓફર :**
- નાણાપ્રધાન અરૂણ જેટલી લોકોને કેશલેસ સીસ્ટમનો ભાગ બનાવવા ડિજિટલ પેમેન્ટ કરનારા લોકો માટે અલગથી યોજના લાવ્યા જે નીચે મુજબ છે.
- ડિજિટલ મોડથી પેટ્રોલ કે ડીઝલની ખરીદી કરનારને સરકાર દ્વારા ૦.૭૫% ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.
- જે લોકો રેલ્વેમાં માસિક કે સિઝનલ પાસ લેતા હોય તેમને ડિજિલટ મોડ્થી પેમેન્ટ કરવા બદલ ૦.૫% ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.
- રેલવેમાં ઓનલાઇન બુકીંગ ઉપર ૧૦ લાખનો અકસ્માત વિમો મફત આપવામાં આવશે.
- રેલવે કટરીંગ, એકોમોડેશન અને રિટાયરિંગ રૂમની સુવિધા બદલ ઓનલાઇન પેમેન્ટ કરનારને ૫% ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.
- પીએસયુ સાથે લોકો ટ્રાન્ઝેક્શન કરતાં હોય છે. જેનો ચાર્જ ચૂકવવામાંથી મુક્તિ મળશે.
- ડેબિટ અને ક્રેડિટકાર્ડના માધ્યમથી ૨૦૦૦, સુધીના ટ્રાન્ઝેક્શન પર કોઇપણ પ્રકારનો સર્વિસ ટેક્લ લાગશે નહીં.
- નેશનલ હાઇવે પર જેટલા પણ ટોલપ્લાઝા આવેલા છે તેમા ડિજિટલ મોડથી પેમેન્ટ કરવા બદલ ૧૦ ટકા ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.
- દેશના એક લાખ ગામડા કે જેઓ ૧૦,૦૦૦ સુધીની વસ્તી ધરાવે છે ત્યાં સરકારી સહાયથી બે પીઓએસ (પોઇન્ટ ઓફ સેલ) મશીન લગાવવામાં આવશે તેની મદદથી ૭૫ કરોડ લોકોને ડિજિટલ બનાવવાની કવાયત હાથ ધરાઇ છે.
- નાબાર્ડના માધ્યમથી દેશના રૂરલ, રિજનલ અનજે કો. ઓપરેટીવ બેન્ક દ્વારા વ્યવહાર કરતાં ૪.૩૨ લાખ ખેડૂતોને વિશેશ સહાય આપવામાં આવશે.
- આ ખેડૂતોને તેમના કિશાન ક્રેડીટ કાર્ડની જેમ જ કિશાન રૂપે કાર્ડ આપવામાં આવશે જેની લીમીટ પણ કિશાન ક્રેડીટકાર્ડ જેટલી જ હશે. પીઓએસ, એટીએસ કે માઇક્રો એટીએમમાં તેનો ઉપયોગ કરી શકાશે.
- તેમજ પીઓએસ કે માઇક્રોએટીએમનું ભાડું ૧૦૦ રૂપિયાથી વધારે નહી લઇ શકાય.

**(૪) લાઇફ લાઇન એક્સપ્રેસ – ટ્રેન :**
- લાઇફ લાઇન એક્સપ્રેસ એ દુનિયાની પ્રથમ હોસ્પિટલ ટ્રેન છે જે ભારતીય રેલવે અને હેલ્થ મંત્રાલયના સહયોગથી ચાલે છે.
- તાજેતરમાં જ કેન્દ્રિય રેલવે પ્રધાન સુરેશ પ્રભુ અને આરોગ્યપ્રધાન જે પી નડ્ડાએ લાઇફ લાઇન એક્સપ્રેસમાં કેન્સર અને અન્ય રોગોની સારવારની સૂવિધા માટે બે કોચનું ઉદ્‌ઘાટન કર્યું હતું.
- આ ટ્રેનને જીવનરેખા એક્સપ્રેસ પણ કહેવામાં આવે છે.
- ૧૯૯૧ થી શરૂ થયેલ આ સેવા ભારતના મોટાભાગના ગામડાઓને આવરી લે છે જ્યાં હોસ્પિટલોનો અભાવ હોય.

**પ્રશ્ન :**

(૧) ૯ ડિસેમ્બરના રોજ કયો વૈશ્વિક દિવસ મનાવાય છે ?
- આંતરરાષ્ટ્રીય ભ્રષ્ટાચાર વિરોધ દિન
(૨) ટ્રાન્સપરન્સી ઇન્ટરનેશનલના સર્વે મુજબ ભ્રષ્ટાચાર બાબતમાં ભારતનો ક્રમ જણાવો.
- ૭૬મો
(૩) શ્રીલાલ શુક્લ સ્મૃતિ સાહિતય સન્માન – ૨૦૧૬ વિજેતા ?
- કમલાકાંત ત્રિપાઠી
(૪) લાઇફલાઇન એક્સપ્રેસ ટ્રેન બીજા કયા નામે ઓળખાય છે ?
- જીવનરેખા એક્સપ્રેસ
(૫) કેન્દ્રમાં આરોગ્ય પ્રધાન કોણ છે ?
- જેપી નડ્ડા
(૬) નેશનલ હાઇવે પર ટોલપ્લાઝામાં ડીજીટલ પેમેન્ટ કરવાથી કેટલું ડિસ્કાઉન્ટ મળશે ?
- ૧૦ ટકા
(૭) ડિજિટલ મોડથી પેટ્રોલ કે ડિઝલની ખરીદી પર કેટલું ડિસ્કાઉન્ટ મળશે ?
- ૦.૭૫%
(૮) રેલવેમાં ઓનલાઇન બુકીંગ પર કેટલા લાખનો અકસ્માત વિમો મફત આપવામાં આવશે ?
- ૧૦ લાખ

## 10.December. 2016

**(૧) માનવ અધિકાર દિવસ**

**(૨) વર્લ્ડ બિલિયર્ડ ટાઇટલ :**
- સિંગાપોરના પીટર ગિલક્રિસ્ટે આ ટાઇટલ પોતાના નામે કર્યું.

Vivekanand Academy Gandhinagar

- ફાઇનલમાં ગિલક્રિસ્ટે ભારતના સૌરવ કોઠારીને પરાજય આપ્યો હતો.
- આ સાથે ગિલક્રિસ્ટે કારકીર્દિનું ચોથું વર્લ્ડ ટાઇટલ જીત્યું.
- ટૂર્નામેન્ટમાં ભાગ લેનાર ભારતના અન્ય ખેલાડીઓ : રૂપેશ શાહ, ધ્વજ હરિયા, પંકજ અડવાણી
- ચેમ્પિયનશીપનું આયોજન બેંગલુરૂ ખાતે થયું હતું.

**(૩) વિનોદશંકર શુક્લ :**

- હિન્દીના પ્રતિષ્ઠિત વ્યંગાકાર વિનોદશંકર શુક્લનું મુંબઇ ખાતે અવસાન.
- તેમની મુખ્ય કૃતિઓ :
  (૧) કબિરા ખડા ચૂનાવ મે
  (૨) એક બટે ગ્યારહ
  (૩) હોસ્પિટલ મે લોકતંત્ર

પ્રશ્નો :

(૧) માનવ અધિકાર દિવસ ક્યારે મનાવાય છે ?
- ૧૦ ડિસેમ્બર

(૨) વર્લ્ડ બિલિયર્ડ ટાઇટલ વિજેતા ?
- પીટર ગિલક્રિસ્ટ

(૩) ફાઇનલમાં ક્યાં ભારતીયનો ગિલક્રિસ્ટ સામે પરાજય થયો ?
- સૌરવ કોઠારી

(૪) વર્લ્ડ બિલિયર્ડ ટાઇટલ ક્યાં યોજાયું હતું ?
- બેંગલુરૂ

(૫) ડિસેમ્બર, ૨૦૧૬માં કયા પ્રખ્યાત હિન્દીના વ્યંગકારનું નિધન થયું ?
- વિનોદશંકર શુક્લ

(૬) કબિરા ખડા ચૂનાવ મે' કૃતિના કર્તા જણાવો.
- વિનોદશંકર શુક્લ

## 11.December. 2016

**(૧) સુધાંશુ વત્સ :**

- ટીવી પ્રેક્ષકોદની સંખ્યા માપનારી સંસ્થા બોર્ડ ઇન્ડિયાના નવા ચેરમેન બનાવાયા.
- તેઓ વર્તમાન ચેરમેન પુનિત ગોયન્કાનું સ્થાન લેશે.
- બોર્ડ બ્રોડકાસ્ટર, એડવર્ટાઇઝર અને એડર્વટાઇઝિંગ એજન્સીની જોઇન્ટ ઇન્ડસ્ટ્રી બોડી છે.

**(૨) નાના આકુફો + આડો :**

- આફ્રિકી દેશ ધાનાના નવા રાષ્ટ્રપતિ
- નાના આકુફો બે વખત રાષ્ટ્રપતિપદની ચૂંટણી હાર્યા બાદ ત્રીજી વારમાં જીતી ગયા.
- નાનાએ રાષ્ટ્રપતિ મહામાને પરાજય આપ્યો હતો.

**(૩) દેશની પહેલી હેલિકોપ્ટર પાઇલટ સંસ્થા :**

- બેંગલુરૂ ખાતે જાન્યુઆરી, ૨૦૧૭ થી દેશની પ્રથમ હેલિકોપ્ટર પાઇલટ સંસ્થા શરૂ થશે.
- સરકારી હેલિકોપ્ટર સેવા કંપની પવન હંસ લિમિટેડ અને હિંદુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ સાથે મળીને આ સંસ્થા શરૂ કરશે.

પ્રશ્નો :

(૧) તાજેતરમાં બોર્ડના ચેરમેનપદે કોની નિમણૂંક થઇ ?
- સુધાશું વત્સ

(૨) આફ્રિકી દેશ ધાનાના નવા રાષ્ટ્રપતિપદે કોણ ચૂંટાયા ?
- નાના આફકો – આડો

(૩) દેશની પહેલી હેલિકોપ્ટર પાઇલટ સંસ્થા કયા શરૂ થશે ?
- બેંગલુરૂ

(૪) સરકારી હેલિકોપ્ટર સેવા કંપનીનું નામ જણાવો.
- પવન હંસ લિમિટેડ

(૫) બેંગલુરૂ ખાતે શરૂ થનારી હેલિકોપ્ટર પાઇલટ સંસ્થા કોના દ્વારા શરૂ કરવામાં આવશે ?
- પવનહંસ લિમિટેડ અને હિંદુસ્તાન એરોનોટિક્સ લિમિટેડના સહયોગ દ્વારા.

## 12.December. 2016

**(૧) મોદી કા ગાંવ : ફિલ્મ**

- આવતા વર્ષે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પરની ફિલ્મ 'મોદી કા ગાંવ' રીલીઝ થશે.
- આન ફીલ્મ વિકાસના એજન્ડા અને ભારતને બદલવાની તેમની દ્રષ્ટિ પર બનાવવામાં આવી છે.
- આ ફિલ્મ બિહારના નિર્માતા અને દિગ્દર્શક સુરેશ ઝાએ બનાવી છે.
- ફીલ્મમાં લીડ રોલ પીએમ મોદીના હમશકલ એવા વિકાસ મહાંતેએ નિભાવ્યો છે.

**(૨) ઇન્ટરનેશનલ પ્રિમિયર ટેનિસ લીગ :**

- ઇન્ટરનેશનલ પ્રીમિયર ટેનિસ લીગની ફાઇનલમાં સિંગાપોર સ્લેમર્સ ચેમ્પિયન
- ઇન્ડિયન એસિસને પરાજય આપી સિંગાપોર સ્લેમર્સે તેમનું ચેમ્પિયનશીપનું ટાઇટલ જાળવી રાખ્યું હતું.
- હૈદરાબાદ ખાતે આઇપીએલ નું આયોજન થયું હતું.

**(૩) વિશ્વની સૌથી લાંબી રેલવે ટન : સ્વિત્ઝર્લેન્ડમાં**

- સ્વિત્ઝર્લેન્ડના ઝયુરિકમાં આવેલી સ્વિસ આલ્પ્સ પર્વતમાળાઓમાં વિશ્વની સૌથી મોટી રેલવે ટનલ ખુલ્લી મુકવામાં આવી.
- ગોથાર્ડ બેઝ ટનલ નામે ઓળખાતી આ રેલવે ટનલ ૫૭ કિલોમીટર લાંબી છે.

પ્રશ્નો :

(૧) આવતા વર્ષે રીલીઝ થનાર પીએમ નરેન્દ્ર મોદી પરની ફિલ્મનું નામ જણાવો.
- મોદી કા ગાંવ

(૨) મોદી કા ગાંવ ફિલ્મના દિગ્દર્શક જણાવો.
- સુરેશ ઝા, બિહાર

(૩) મોદી કા ગાંવ ફિલ્મમાં લીડ રોલ કોણ નિભાવશે ?
- વિકાસ મહાંતે

(૪) ઇન્ટરનેશનલ પ્રીમિયર ટેનિસ લીગ હરીફ ટીમ ?
- ઇન્ડિયન એસિસ

(૫) ઇન્ટરનેશનલ પ્રીમિયર ટેનિસ લીગ હરીફ ટીમ ?
- ઇન્ડિયન એસિસ

(૬) તાજેતર કયાં વિશ્વની સૌથી લાંબી રેલવે ટનલ ખૂલ્લી મુકવામાં આવી ?
- સ્વિત્ઝર્લેન્ડ

## 13.December. 2016

**(૧) વરદા– વાવાઝોડું**

- બંગાળની ખાડીમાં ઉદ્ભવેલું ભયાનક વાવાઝોડું
- ૧૯૨ કિમી પ્રતિ કલાકની ઝડપે આ વાવાઝોડુએ તમિલનાડુ અને આંધ્રપ્રદેશના દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે તારાજી સર્જી.

Vivekanand Academy Gandhinagar

- આ ચક્રવાતનું વરદા નામ પાકિસ્તાન દ્વારા આપવામાં આવ્યું છે.
- વરદાનો અર્થ રેડ રોઝ અથવા લાલ ગુલાબ એવો થાય છે.
- હિંદ મહાસાગર અને અરબી સમુદ્રમાં ઉદ્‌ભવતા વાવાઝોડાના નામ સભ્ય દેશો ભારત, શ્રીલંકા, બાંગ્લાદેશ, થાઇલેન્ડ, મ્યાનમાર, માલદિવ્સ અને ઓમાન દ્વારા અપાય છે.
- છેલ્લે ચેન્નઇ પર ત્રાટકેલા નડા વાવાઝોડુંનું નામ ઓમાને આપ્યું હતું.

**(૨) નવીદ મુખ્તાર – આઇએસઆઇના નવા વડા :**

- પાકિસ્તાનની જાસુસી સંસ્થા આઇએસઆઇના નવા વડા તરીકે નવીદ મુખ્તારની નિયુક્તિ કરાઇ છે.
- પાકિસ્તાનના નવા આર્મી ચીફ જનરલ કમર જાવેદ બાજવા દ્વારા આ નિમણૂંક કરાઈ છે.
- નવીદ મુખ્તાર હવે રીઝવાન અખ્તરનું સ્થાન લેશે.

**(૩) વિરાટ કોહલી– ભારતીય ક્રિકેટર :**

- તાજેતરમાં મુંબઇના વાનખેડે સ્ટેડીયમ ખાતે યોજાયેલી ચોથી ટેસ્ટમાં ભારતીય કેપ્ટન વિરાટ કોહલીએ બેવડી સદી ફટકારી
- ઇંગ્લેન્ડ સામે પાંચ મેચની શ્રેણીની આ ચોથી મેચમાં કોહલીએ ૨૩૫ રન ફટકારી ભારતીય કેપ્ટન તરીકે સર્વાધીક સ્કોર કર્યા.
- આ સાથે કોહલીએ એક જ કેલેન્ડર વર્ષમાં ત્રણ બેવડી સદી ફટકારીને પણ અનોખો રેકોર્ડ બનાવ્યો.
- આ મેચ જીત્યા બાદ ભારતે સળંગ ૧૭ ટેસ્ટથી અપરાજિત પોતાના જ રેકોર્ડની બરાબર કરી.
- તેમજ કોહલી પણ ટેસ્ટ ક્રિકેટમાં શ્રેષ્ઠ બીજા સ્થાને પહોંચી ગયો

**(૪) નેચર ફોટોગ્રાફર ઓફ ધ યર – ૨૦૧૬**

- નેશનલ જીઓગ્રાફીક મેગેઝીને વર્ષ ૨૦૧૬ માટે નેચર ફોટોગ્રાફર ઓફ ધ યરની જાહેરાત કરી
- આ અંતર્ગત ભારતમાં વરૂણ આદિત્ય અને પ્રસન્નજિત યાદવને નેચર ફોટોગ્રાફર ઓફ ધ યર પુરસ્કાર અપાયો છે.
- ફ્રાન્સના ફોટોગ્રાફર ગ્રેગ લીક્યુઅરની સાર્ડિનરની તસવીરને નેશનલ જિઓગ્રાફીક નેચર ફોટોગ્રાફી ટાઇટલ અપાયું છે.

પ્રશ્નો :

(૧) તાજેતરમા તમિલનાડુ અને આંધ્રપ્રદેશના દરિયાકાંઠે કયું વાવાઝોડું આવ્યું ?
- વરદા

(૨) વરદા વાવાઝોડું નામ કયા દેશ દ્વારા પાડવામાં આવ્યું ?
- પાકિસ્તાન

(૩) વરદાનો મતલબ શું થાય છે ?
- રેડ રોઝ / લાલ ગુલાબ

(૪) આઇએસઆઇ ના નવા વડાપદે કોની નિયુક્તિ થઇ ?
- નવીદ મુખ્તાર

(૫) ૧૨ ડિસેમ્બરની સ્થિતિએ વિરાટ કોહલીનો ટેસ્ટમાં રેન્ક જણાવો.
- બીજો

(૬) એક જ કેલેન્ડર વર્ષમાં ત્રણ બેવડી સદી ફટકારનાર ક્રિકેટર ?
- વિરાટ કોહલી

(૭) કયાં બે ભારતીયોને નેચર ફોટોગ્રાફર ઓફ ધ યર – ૨૦૧૬નો એવોર્ડ એનાયત થયો ?
- વરૂણ આદિત્ય અને પ્રસન્નજિત યાદવ

## 14.December. 2016

**(૧) ઉર્જા સંરક્ષણ દિવસ**

**(૨) પ્રિયંકા ચોપરા – ગુડવિલ એમ્બેસેડર :**

- ભારતીય અભિનેત્રી પ્રિયંકા ચોપરાને યુનિસેફે પોતાની ગ્લોબલ ગુડવિલ એમ્બેસેડર બનાવી છે.
- હવે પ્રિયંકા વિશ્વભરના બાળકો સાથે જોડાયેલી સમસ્યાઓ માટે દસ વર્ષ કામ કરશે.
- યુનિસેફના ૭૦ માં સ્થાપના દિને આ જાહેરાત કરાઇ હતી.

**(૩) પી.વી.સિંધુ – ઇમ્પ્રુવ્ડ પ્લેયર ઓફ ધ યર :**

- તાજેતરમાં વર્લ્ડ બેડમિન્ટન ફેડરેશન દ્વારા દુબઇ ખાતે યોજાયેલ એવોર્ડ સમારંભમાં પી.વી.સિંધુને મોસ્ટ ઇમ્પ્રુવ્ડ પ્લેયર ઓફ ધ યર એવોર્ડથી નવાજવામાં આવી.
- મેન પ્લેયર ઓફ ધ યર : ભી ચોન્ગ વેઇ
- ફીમેલ પ્લેયર ઓફ ધ યર : મિસાકી માત્સુટોમો તથા અયાકા ટાકાહાશીને સંયુક્ત રીતે.

**(૪) પંકજ અડવાણી – બિલિયર્ડસ**

- ભારતના દિગ્ગજ બિલિયર્ડ ખેલાડી પંકજ અડવાણી તાજેતરમાં પોતાનું ૧૧મું વર્લ્ડ બિલિયર્ડ ટાઇટલ જીત્યો.
- આ ચેમ્પિયનશીપમાં ફાઇનલમાં અડવાણીએ સિંગાપોરના પીટર ગિલક્રિસ્ટને પરાજય આપ્યો હતો.

**(૫) બેલોન ડી ઓર એવોર્ડ : – ફૂટબોલ ઓફ ધ યર :**

- પોર્ટુગલનો જાણીતો ફુટબોલ પ્લેયર ક્રિસ્ટિયાનો રોનાલ્ડોને ફૂટબોલ જગતનો પ્રખ્યાત બ્લેન ડી ઓર એવોર્ડથી સન્માનીત કરાયો.
- રોનાલ્ડોએ આ એવોર્ડ ચોથી વખત પોતાના નામે કર્યો.
- આ એવોર્ડ વર્ષના અંતે વિશ્વના શ્રેષ્ઠ ફૂટબોલરને આપવામાં આવે છે.
- આર્જિન્ટિનાના સ્ટાર ફૂટબોલર લિયોનલ મેસી પાંચ વખત આ ખિતાબ મેળવી ચૂક્યો છે.
- આ વર્ષે રોનાલ્ડોએ ૪૨ મેચમાં ૩૮ ગોલ કર્યા હતા જ્યારે ૧૪ ગોલ કરવામાં મદદ કરી હતી.

પ્રશ્નો :

(૧) ૧૪ ડિસેમ્બરના રોજ કયો રાષ્ટ્રીય દિવસ મનાવાય છે ?
- ઉર્જા સંરક્ષણ દિવસ

(૨) તાજેતરમાં કયાં ભારતીયને યુનિસેફના ગુડવીલ બ્રાન્ડ એમ્બેસેડર બનાવાયા ?
- પ્રિયંકા ચોપરા

(૩) વર્લ્ડ બેડમિન્ટન ફેડરેશન દ્વારા વર્ષના અંતે કઈ ભારતીય ખેલાડીને ઇમ્પ્રુડ પ્લેયર ઓફ ધ યરનો એવોર્ડ એનાયત થયો ?
- પી.વી. સિંધુ

(૪) ભારતના પંકજ અડવાણી કઈ રમત સાથે સંકળાયેલા છે ?
- બિલિયડર્સ

(૫) બેલોન ડી ઓર એવોર્ડ – ૨૦૧૬ વિજેતા ?
- ક્રિસ્ટિયાનો રોનાલ્ડો

Vivekanand Academy Gandhinagar

## 15.December. 2016

**(૧) સ્મૃતિ મંધાના – ભારતીય મહિલા ક્રિકેટર**

- તાજેતરમાં આઇસીસીએ પ્રથમ વખત આઇસીસી વિમેન્સ ટીમ ઓફ ધ યર જાહેર કરી.
- ૧૨ સભ્યની સર્વશ્રેષ્ઠ આ વિમેન્સ ટીમમાં ભારતની એકમાત્ર બેટ્સવુમન સ્મૃતી મંધાનાનો સમાવેશ કરાયો છે.
- આઇસીસીએ ૨૦૧૫ની ૧૪ મી ડિસેમ્બરથી ૨૦ સપ્ટેમ્બર, ૨૦૧૬ દરમિયાન ખેલાડીઓના પ્રદર્શનના આધારે તેમની પસંદગી કરી છે.
- આઇસીસી એ વેસ્ટઇન્ડિઝની સ્ટેફની ટેલરને આ ટીમની સુકાની બનાવી છે.
- ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલે ન્યૂઝિલેન્ડની મહિલા ખેલાડી સૂઝી બેટ્સમેનજે વન–ડે તથા ટી–૨૦ માં પ્લેયર ઓફ ધ યર પસંદ કરી છે.
- આ સાથે સૂઝિ એક જ વર્ષમાં વન ડે તથા ટી–૨૦માં એવોર્ડ મેળવનાર પ્રથમ મહિલા ખેલાડી બની ગઇ છે.

(૨) ઇન્ટરનેશનલ ટેનિસ ફેડરેશન દ્વારા વર્ષના અંતે રેન્કિંગ જાહેર કર્યા :

- તાજેતરમાં વર્ષના અંતે ઇન્ટરનેશનલ ટેનિસ ફેડરેશને અલગ–અલગ રેન્કિંગ જાહેર કર્યા હતા.

પુરૂષ સિંગલ

- બ્રિટનના એન્ડ મરેને આ વર્ષનો નંબર વનનો એવોર્ડ એનાયત થયો
- મરેએ ચાલુ વર્ષ વિમ્બલ્ડન ઓપન સહીત નવ ટાઇટલ જીત્યા છે.
- આ ઉપરાંત રિયો ઓલિમ્પિકમાં પણ તેને ગોલ્ડ મેડલ જીત્યો હતો.
- મરેએ નંબર વનનું સન્માન પ્રથમ વખત મેળવ્યું છે.

મહિલા સિંગલસ :

- જર્મનીની સ્ટાર ખેલાડી એન્જલિક ફેબરને નંબર વનનો એવોર્ડ એનાયત થયો.
- ક્રેબરે ચાલુ વર્ષ ઓસ્ટ્રેલિયન ઓપન તથા યુએસ ઓપનના ગ્રાન્ડસ્લેમ જીતવા ઉપરાંત રિયો ઓલિમ્પિકમાં સિલ્વર મેડલ પણ હાંસલ કર્યો હતો.
- મેન્સ ડબલ્સમાં જેમી મરે તથા સોરેસ અને વિમેન્સ ડબલ્સમાં બ્રાસિયા તથા ક્રિસ્ટના મ્લાદેનોવિયને એવોર્ડ એનાયત થશે.

પ્રશ્નો :

(૧) સ્મૃતિ મંધાનાનું કાર્યક્ષેત્ર જણાવો.
- ભારતીય મહિલા ક્રિકેટર

(૨) આઇસીસી દ્વારા જાહેર કરાયેલ વિમેન્સ ટીમ ઓફ ધ યરમાં કઈ ભારતીય મહિલા ખેલાડીને સ્થાન મળ્યું ?
- સ્મૃતિ મંધાના

(૩) આઇસીસી વિમેન્સ ટીમ ઓફ ધ યર – ૨૦૧૬ના સુકાની જણાવો.
- સ્ટેફની ટેલર, વેસ્ટઇન્ડિઝ

(૪) મહિલા વનડે તથા ટી–૨૦ પ્લેયર ઓફ ધ યર એવોર્ડ કોને એનાયત થયો ?
- સૂઝી બેટ્સ, ન્યુઝીલેન્ડ

(૫) ઇન્ટરનેશનલ ટેનિસ ફેડરેશનના વર્ષના અંતે રેન્કિંગ મુજબ પુરૂષ સિંગ્લ્સમાં નંબર વન ?
- એન્ડિ મરે, બ્રિટન

(૬) એન્ડિ મરેએ ચાલુ વર્ષમાં કયું ગ્રાન્ડ સ્લેમ જીત્યુ ?
- વિમ્બલ્ડન ઓપન

(૭) ઇન્ટરનેશનલ ટેનિસ ફેડરેશન રેન્કિંગ મુજબ મહિલા સિંગલસ વિજેતા ?
- એન્જલિક ક્રેબર, જર્મની

(૮) એન્જલિક ક્રેબરે ચાલુ વર્ષમાં કયાં ગ્રાન્ડસ્લેમ જીત્યા ?
- ઓસ્ટ્રેલિયન ઓપન યુએસ ઓપન

## 16.December. 2016

**(૧) બાંગ્લાદેશ આઝાદી દિવસ :**

- બાંગ્લાદેશને આઝાદ કરાવવા ૧૯૭૧માં ભારત પાકિસ્તાન વચ્ચે યુદ્ધ થયું હતું.
- ૧૬ ડિસેમ્બર, ૧૯૭૧ના રોજ પાકિસ્તાને શરણાગતિ સ્વિકારી અને બાંગ્લાદેશ આઝાદ થયું હતું.
- બાંગ્લાદેશ એક આઝાદ દેશ બન્યો અને મજબુર ઉર–રહેમાન તેના પ્રથમ વડાપ્રધાન બન્યા હતા.
- આ યુદ્ધ વખતે ભારતના વડાપ્રધાન ઇન્દિરા ગાંધી હતા તથા ભૂમીદળના વડા જનરલ માણેકશા હતા.

**(૨) એ.આર. રહેમાન – સંગીતકાર**

- ભારતીય સંગીતકાર એ.આર. રહેમાન ફરી એક વખત ઓસ્કાર માટે નોમિનેટ થયા છે.
- ફિલ્મ પેલે : બર્થ ઓફ અ લિજન્ડમાં આપેલા સંગીતના પગલે તેનો ઓસ્કાર યાદીમાં સમાવેશ કરાયો છે.
- ફેબ્રુઆરી, ૨૦૧૭માં ૮૯મો ઓસ્કાર એવોર્ડ્સ કાર્યક્રમ યોજાશે.
- આ અગાઉ ફિલ્મ સ્લમડોગ મિલિયોનર માટે તેમને ઓસ્કાર એવોર્ડ મળી ચૂક્યો છે.

**(૩) નીતિ આયોગ દ્વારા કેશલેસ ટ્રાન્જેક્શનને પ્રોત્સાહન આપવા યોજના બહાર પડાઇ :**

- ડિજિટલ પેમેન્ટને પ્રોત્સાહન આપવા કેન્દ્ર સરકારે બે નવી યોજના બહાર પાડી
  (૧) લકી ગ્રાહક યોજના – ગ્રાહકો માટે
  (૨) ડિજિ ધન વેપાર યોજના – વેપારીઓ માટે
- જે લોકો ૫૦ થી ૩૦૦૦ રૂપિયા સુધીનું ડિજિટલ પેમેન્ટ કરે છે. તેમને સરકાર દ્વારા ઇનામ આપવામાં આવશે.
- ૨૫ ડિસેમ્બર થી ૧૦૦ દિવસ સૂધી ચાલનારી આ યોજનામાં ૧૫૦૦૦ લોકોને દરોરોજ ૧૦૦૦ રૂપિયા અને સપ્તાહમાં ૧ લાખ રૂપિયા ડિજિટલ લકી ડ્રો મારફતે આપવામાં આવશે.
- ગ્રાહકો માટે ૧ લાખ, ૧૦ હજાર અને ૫ હજારના ત્રણ સાપ્તાહિક ઇનામ પણ રહેશે.
- વેપારીઓ માટે ૫૦ હજાર ૫ હજાર તથા અઢી હજારના ત્રણ સાપ્તાહિક ઇનામ પણ રહેશે.
- નેશનલ પેમેન્ટ કો– ઓપરેશન ઓફ ઇન્ડિયાને આ યોજનાઓનાં અમલીકરણની જવાબદારી સોંપવામાં આવી છે.
- કેન્દ્ર દ્વારા આ યોજના માટે ૩૪૦ કરોડનું અલગથી બજેટ પણ ફાળવવામાં આવ્યું છે.
- ૧૪ એપ્રિલ બાબા આંબેડકર જયંતિના દિવસે મેગા ડ્રો થશે., જેમાં ત્રણ ગ્રાહકોને ૧ કરોડ ૫૦ લાખ અને ૨૫ લાખના ઇનામ મળશે.
- જ્યારે ત્રણ વેપારીઓને ૫૦ લાખના ઇનામ મળશે.

Vivekanand Academy Gandhinagar

– આ સ્કીમમાં USSD (અનસ્ટ્રક્ચર્ડ સેન્લિમેન્ટરી સર્વિસ ડેટા) , AEPSઆધાર એનેબલ્ડ પેમેન્ટ સિસ્ટમ, UPI (યુનિફાઇડ પેમેન્ટ ઇન્ટરફ્રેમ અને RUPay કાર્ડ દ્વારા થતાં પેમેન્ટને જ માન્ય ગણવામાં આવશે

પ્રશ્નો :

(૧) બાંગ્લાદેશ આઝાદી દિવસ ક્યારે મનાવાય છે ?
– ૧૬ ડિસેમ્બર
(૨) બાંગ્લાદેશ આઝાદ થયું ત્યારબાદ પ્રથમ વડાપ્રધાન કોણ બન્યું હતું ?
– મુજીબુર – ઉર – રહેમાન
(૩) ૮૯માં ઓસ્કાર એવોર્ડ્સ માટે કયા ભારતીય સંગીતકાર નોમીનેટ થયા છે ?
– એ.આર. રહેમાન
(૪) એ.આર. રહેમાન કઈ ફિલ્મના સંગીત માટે ઓસ્કાર માટે નોમિનેટ થયા ?
– પેલે : બર્થ ઓફ અ લિજેન્ડ
(૫) તાજેતરમાં કેન્દ્રના નીતિ આયોગ દ્વારા કેશલેસ ટ્રાન્જેક્શનને પ્રોત્સાહન આપવા ગ્રાહકો માટે કઈ યોજના બહાર પડાઇ ?
– લકી ગ્રાહક યોજના
(૬) તાજેતરમાં કેન્દ્રના નીતિ આયોગ દ્વારા કેશલેસ ટ્રાન્જેક્શનને પ્રોત્સાહન આપવા વેપારીઓ માટે કઇ યોજના બહાર પડાઇ ?
– ડિજિ ધન વેપાર યોજના
(૭) .. નું પુરૂ નામ લખો ?
– અનસ્ટ્રક્ચર્ડ સન્લિમેન્ટરી સિસ્ટમ
(૮) નું પુરૂ નામ લખો
– આધાર એનબલ્ડ પેમેન્ટ સિસ્ટમ
(૯) નું પુરૂ નામ લખો ?
– યુનિફાઇડ પેમેન્ટ ઇન્ટરફેસ
(૧૦) નીતિ આયોગના સીઇઓ કોણ છે ?
– અમિતાભ કાંત

## 17.December. 2016

**(૧) વડાપ્રધાન ગરીબ કલ્યાણ યોજના :**

– તાજેતરમાં કેન્દ્ર સરકારે નવી બ્લેક મની ડિસ્ક્લોઝર સ્કીમ 'વડાપ્રધાન ગરીબ કલ્યાણ યોજના' જાહેર કરી.
– આ યોજનાનો પ્રારંભ ૧૭ ડિસેમ્બર, ૨૦૧૬ થી થશે અને ૩૧ માર્ચ, ૨૦૧૭ સુધીમાં અઘોષિત આવક જાહેર કરી શકાશે.
– આ યોજના અંતર્ગત જાહેર કરાયેલી આવક ગુપ્ત રાખવામાં આવશે.
– જાહેર કરાયેલી રકમના ૫૦% વેરો લાગશે. ૨૫% રકમ ચાર વર્ષ માટે કોઇપણ વ્યાજ વગર જમા રાખવી પડશે જેનો ઉપયોગ ગરીબોના કલ્યાણ માટેની યોજનામાં થશે., જ્યારે બાકીની ૨૫% રકમ પરત કરી દેવામાં આવશે.

**(૨) નિક્કી હેલી – ભારતીય મૂળના એમરિકી નાગરિક :**

– અમેરીકાના ૪૫માં પ્રમુખપદે ચૂંટાયેલા ડોનાલ્ડ ટ્રમ્પે દક્ષિણ કેરોલિનાના ગવર્નર નિક્કી હેલીની નિમણૂંક અમેરિકાના યુનો ખાતેના રાજદૂત તરીકે કરી.
– યુનોમાં અમેરિકાના રાજદૂત તરીકે નિક્કી હેલીને કેબિનેટ મિનિસ્ટરનો દરજ્જો મળશે.
– અમેરિકાની સરકારમાં કેબિનેટનો દરજ્જો મેળવનારાં નિક્કી હેલી પ્રથમ ભારતીય મૂળના અમેરિકી બન્યા.
– મૂળ પંજાબના વતની નિક્કી હેલીનું મૂળ નામ નમ્રતા રંધાવા છે.

પ્રશ્નો :

(૧) તાજેતરમાં કેન્દ્ર સરકારે ૧૭ ડિસેમ્બર થી કઇ બ્લેક મની ડિસેમ્બર સ્કીમ અમલમાં મુકી ?
– વડાપ્રધાન ગરીબ કલ્યાણ યોજના
(૨) વડાપ્રધાન ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત જાહેર કરાયેલ બ્લેક મનીના કેટલા ટકા વેરો ચૂકવવો પડશે ?
– ૫૦%
(૩) વડાપ્રધાન ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત ૫૦% ટેક્સ ઉપરાંત ૨૫% રકમ કેટલા વર્ષ માટે ફ્રિજ કરી દેવામાં આવશે. જેના પર વ્યાજ પર નહી મળે ?
– ચાર વર્ષ
(૪) અમેરિકાની સરકારમાં કેબિનેટનો દરજ્જો મેળવનાર પ્રથમ ભારતીય મૂળના અમેરિકી કોણ છે ?
– નિક્કી હેલી
(૫) એમરિકાના ૪૫માં ડોનાલ્ડ ટ્રમ્પે નિક્કી હેલની નિમણૂંક ક્યાં કરી ?
– યુનોમાં અમેરિકાના રાજદૂત તરીકે
(૬) નિક્કી હેલીનું મૂળ નામ અને મૂળ વતન જણાવો.
– નમ્રતા રંધાવા , પંજાબ

## 18.December. 2016

**(૧) દેશના સુરક્ષાતંત્રના ચાર નવા વડાની નિમણૂંક :**

– ૩૧ ડિસેમ્બરથી દેશના લશ્કરના વડા, વાયુદળના વડા, આઇબીના વડા અને રોના વડા નિવૃત્ત થઇ રહ્યાં છે.
– આ ચારેય સ્થાન પર ૧ જાન્યુઆરીથી નવી નિમણૂંક પામેલ વડાઓ પોતાનું કાર્ય સંભાળશે જેમનો નામ નીચે મુજબ છે.
– વાયુદળના પ્રમુખ – એર માર્શલ ધનોવા
– વાયુદળના એર માર્શલ બી.એસ. ધનોવા સૌથી વરિષ્ઠ અધિકારી છે.
– તેઓ ૧૯૭૮માં ફાઇટર પાઇલટ તરીકે જોડાયા હતા.
– ૧ જાન્યુઆરી, ૨૦૧૭ થી તેઓ એર ચીફ માર્શલ અરૂપ રહાનું સ્થાન લેશે.
– લશ્કરી વડા – લે.જનરલ બિપિન રાવત :
– લેફ્ટ જનરલ બિપિન રાવત ઇન્ફેન્ટરી એટલે કે પાયદળ સૈન્યના અધિકારી છે.
– ૧૧ ગોરખા રાઇફલ રેજિમેન્ટની ૫ મી બટાલિયનમાં તેમની ભરતી થઇ હતી.
– ૧ જાન્યુઆરી, ૨૦૧૭ થી તેઓ જનરલ દલબિરસિંહનું સ્થાન લેશે.
– રોના વડા – એ.કે. ધસ્માના :
ધસ્માના ૧૯૮૧ બેચના મધ્યપ્રદેશ કેડરના આઇપીએસ અધિકારી છે.
– તેઓ બલુચિસ્તાનના નિષ્ણાંત છે.
– ૧ જાન્યુઆરી, ૨૦૧૭ થી તેઓ હાલના વડા રાજિન્દર ખન્નાનું સ્થાન લેશે.
– આઇબીના વડા – રાજીવ જૈન :
– રાજીવ જૈન ૧૯૮૦ બેચના ઝારખંડ કેડરના આઇપીએસ અધિકારી છે.

Vivekanand Academy Gandhinagar

– તેઓ અગાઉ દિલ્હી અને અમદાવાદ માટે સ્ટેટ આઇબીના વડા રહી ચૂક્યા છે.

– ૧ જાન્યુઆરી, ૨૦૧૭ થી તેઓ હાલના વડા દિનેશ્વર શર્માનું સ્થાન લેશે.

**(૨) વેનેઝુએલામાં નોટબંધી :**

- ભારતનું અનુકરણ કરતા વેનેઝુએલાની સરકારે પણ નોટબંધી કરી.
- લથડી રહેલી ઇકોનોમીને સુધારવા મદુરો સરકારે ૧૧ ડિસેમ્બરના રોજ ૧૦૦ બોલીવરની નોટ બંધ કરવાનો નિર્ણય કર્યો હતો.
- પરંતુ રોકડની અછત સર્જાતા ઉગ્રજનાક્રોશ વચ્ચે સરકારે બીજી જાન્યુઆરી સૂધી નોટબંધીનો નિર્ણય સ્થગીત કર્યો.
- સરકાર દ્વારા ૫૦૦, ૨૦૦૦ અને ૨૦,૦૦૦ બોલીવરની નવી નોટો જારી કરવાની જાહેરાત કરાઇ હતી.
- વેનેઝુએલા લેટીન અમેરિકાનો દેશ છે.
  જેની રાજધાની કારકસ છે.
- પ્રેસીડેન્ટ – નિકોલસ મદુરો
- ભાષા – સ્પેનિશ
- ચલણ – બોલીવર

પ્રશ્નો :

(૧) ૧ જાન્યુઆરી, ૨૦૧૭ થી વાયુદળના પ્રમુખ કોણ હશે ?
- બી.એસ. ધનાવા

(૨) તાજેતરમાં લશ્કરી વડા પદે કોની નિયુક્તિ કરાઇ છે ?
- લે. જનરલ બિપિન રાવત

(૩) રોના વડા ૧ જાન્યુઆરી, ૨૦૧૭ થી કોણ હશે ?
- એ.કે. ધરમાના

(૪) ૧ જાન્યુઆરી, ૨૦૧૭ થી આઇબીના વડા કોણ હશે ?
- રાજીવ જૈન

(૫) રો ના વડા ધરમાના કઇ કેડરના આઇપીએસ અધિકારી છે ?
- ૧૯૮૧ બેચના મધ્યપ્રદેશ કેડરના

(૬) રાજીવ જૈન કઇ બેચના આઇપીએસ ઓફિસર છે ?
- ૧૯૮૦ બેચના ઝારખંડ કેડરના

(૭) તાજેતરમાં ભારતનું અનુકરણ કરતા કયા દેશે નોટબંધી કરી ?
- વેનેઝુએલા

(૮) વેનેઝુએલાનું ચલણ જણાવો.
- બોલીવર

(૯) વેનેઝુએલાના પ્રમુખ ?
- નિકોલસ મદુરો

(૧૦) વેનેઝુએલાની રાજધાની ?
- કારકસ

## 19.December. 2016

**(૧) દીવ મુક્તિદિન :**

- ૧૯ ડિસેમ્બર, ૧૯૬૧ના રોજ દિવ પોર્ટુગીઝના શાસનમાંથી મુક્ત થયું હતું.
- ભારત આઝાદ થયા બાદ પણ દિવ–દમણ ગોવા પર પોર્ટુગીઝનું રાજ હતુ.
- ૧૯ ડિસેમ્બર ૧૯૬૧ના રોજ ભારત સરકારે લશ્કરી પગલુ ભરી ત્રણેય પ્રદેશોને મુક્તિ અપાવી હતી.
- આ લશ્કરી કવાયતનું નામ ઓપરેશન વિજય હતું.

**(૨) જૂનિયર હોકી વર્લ્ડ કપ :**

- ૧૫ વર્ષ બાદ ભારત જૂનિયર હોકી વર્લ્ડ કપમાં ચેમ્પિયન
- લખનઉમાં ધ્યાનચંદ મેદાન ખાતે યોજાયેલ ફાઇનલમાં ભારતે બેલ્જિયમને ૨–૧ થી પરાજય આપ્યો.
- વર્ષ ૨૦૦૧ માં ભારતે આર્જેન્ટિનાને ૬–૧ થી પરાજય આપી વર્લ્ડકપ જીત્યો હતો., આમ ભારતની જૂનિયર હોકી ટીમે બે વખત વર્લ્ડકપ પોતાના નામે કર્યો છે.
- ભારત કેપ્ટન – હરજિત સિંહ
- ભારત કોચ – હરેન્દ્રસિંહ
- બેલ્જિયમ કેપ્ટન – વિક્ટર – વેગ્નેઝ સેડ

પ્રશ્ન :

(૧) દીવ મુક્તિદિન ક્યારે મનાવાય` ?
- ૧૯ ડિસેમ્બર

(૨) દિવ, દમણ અને ગોવા ક્યારે આઝાદ થયા હતા ?
- ૧૯ ડિસેમ્બર, ૧૯૬૧

(૩) દિવમાં ભારત સરકારે પોર્ટુગીઝોને હટાવવા લશ્કરી પગલુ ભર્યું એ ઓપરેશનનું નામ જણાવો.
- ઓપરેશન વિજય

(૪) જુનિયર હોકી વર્લ્ડ કપ– ૨૦૧૬ કયાં યોજાયો હતો ?
- લખનઉ, ભારત

(૫) જૂનિયર હોકી વર્લ્ડકપ–૨૦૧૬ વિજેતા ?
- ભારત

(૬) જૂનિયર હોકી વર્લ્ડકપ–૨૦૧૬ રનર્સ અપ ?
- બેલ્જિયમ

(૭) ભારતીય જૂનિયર હોકી ટીમના કેપ્ટન ?
- હરજિતસિંહ

(૮) ભારતીય જૂનિયર હોકી ટીમ કોચ ?
- હરેન્દ્રસિંહ

## 20.December. 2016

**(૧) નવિનચંદ શેઠ :**

- સૌરાષ્ટ્રના નવિનચંદ્ર શેઠની જીટીયુના કુલપતિ તરીકે નિમણૂંક કરાઇ.
- જીટીયુના અગાઉના કુલપતિ અક્ષય અગ્રવાલની ૭ જૂને બીજી ટર્મ પુર્ણ થઇ હતી.
- નવિનચંદ્ર શેઠ મૂળ ફાર્મસી ફેકલ્ટીના પ્રોફેસર છે અને હાલમાં જીપીએસસીના મેમ્બર છે.
- આ ઉપરાંત તેઓ ફાર્મસી કાઉન્સિલ ઓફ ઇન્ડિયાના પણ મેમ્બર છે.

**(૨) સ્ટેફની ડેલ વાલ્વે : મિસ વર્લ્ડ :**

- અમેરીકામાં યોજાયેલ મિસ વર્લ્ડ–૨૦૧૬માં પ્યોટો રિકોની સ્ટેફની ડેલ વાલ્વે આ વર્ષની મિસ વર્લ્ડ બની.
- પૂર્વ મસ વર્લ્ડ સ્પેનની મિરિયા લાલાગુના રોયોએ સ્ટેફની ડેલને તાજ પહેરાવ્યો હતો.
- ૧૯ વર્ષની સ્ટેફની ડેલ સ્પેનિશ, અંગ્રેજી અને ફ્રેન્ચ ભાષા બોલી શકે છે.
- આ સ્પર્ધામાં રનર્સ અપ ડોમિનિક રિપબ્લિક દેશની મિગુએલીના રેયેસ રેમીરેજ રહી હતી.
- ભારત તરફથી મિસ ઇન્ડિયા પ્રિયદર્શીની ચેટરજીએ પ્રતિનિધિત્વ કર્યું હતું જે ટોપ ટેનમાં સ્થાન મેળવી શકયા ન હતા.

**(૩) કરૂણ નાયર – ક્રિકેટર :**

- ચેન્નઇ ખાતે ઇંગ્લેન્ડ સામે પાંચમી ટેસ્ટમેચમાં ભારતના યુવા ક્રિકેટર કરૂણ નાયરે ૩૦૩ (નોટ આઉટ) રન કરી ઇતિહાસ રચ્યો
- નાયરે તેની કારકીર્દિની ત્રીજી ટેસ્ટમાં જ ત્રેવડી સદી ફટકારી.
- પોતાની પ્રથમ સદીને ત્રેવડી સદીમાં ફેરવનાર કરૂણ નાયર ગેરી સોબર્સ અને બોબ સિમ્પસન બાદ વિશ્વનો ત્રીજો અને ભારતનો પ્રથમ ખેલાડી બન્યો.
- સેહવાગ બાદ ત્રેવડી સદી ફટકારનાર બીજો ભારતીય ખેલાડી
- પાંચમાં ક્રમે બેટીંગ કરવા આવેલા નાયરે માત્ર ૩૮૧ બોલમાં ૩૦૩ રન અણનમ બનાવ્યા હતા.
- કરૂણ નાયરની આ ઇનિંગના સહારે ભારતે ૭૫૯ રન બનાવ્યા હતા. જે ભારતના ટેસ્ટ ઇતિહાસનો શ્રેષ્ઠ સ્કોર હતો.

**(૪) અનુપમ મિશ્ર – પર્યાવરણ વિદ્વનન :–**

- પર્યાવરણ વિદ્વાન, ગાંધીવાદી અને જળ સંરક્ષણવાદી અનુપમ મિશ્રનું અવસાન
- તેમણે દેશમાં પર્યાવરણ અને નદીઓ પર મહત્વપૂર્ણ કામ કર્યુ છે.

પ્રશ્નો :

(૧) જીટીયુના નવા કુલપતિ પદે કોની નિમણૂંક કરાઇ ?
- નવિનચંદ્ર શેઠ

(૨) નવિનચંદ્ર શેઠ મૂળ કઇ ફેકલ્ટીના પ્રોફેસર છે ?
- ફાર્મસી

(૩) મિસ વર્લ્ડ – ૨૦૧૬ ?
- સ્ટેફની ડેલ વાલ્લે

(૪) સ્ટેફની ડેલ વાલ્વે કયા દેશના નાગરિક છે ?
- પ્યોટો રિકો

(૫) મિસ વર્લ્ડ – ૨૦૧૬ સ્પર્ધામાં ભારત તરફથી કોણે પ્રતિનિધિત્વ કર્યુ હતું ?
- પ્રિયદર્શીની ચેટરજી (મીસ ઇન્ડિયા)

(૬) કરૂણ નાયર કઇ રમત સાથે સંકળાયેલ છે ?
- ક્રિકેટ

(૭) તાજેતરમાં કયાં ભારતીય ટેસ્ટ ક્રિકેટમાં ત્રેવડી સદી ફટકારી ?
- કરૂણ નાયર

(૮) ભારતીય ટેસ્ટ ક્રિકેટમાં કેટલા ખેલાડીએ ત્રેવડી સદી ફટકારેલી છે ?
- (બે) સેહવાગ અને કરૂણ નાયર

(૯) ભારતીય ટેસ્ટ ક્રિકેટ ટીમે તેનો સર્વાધિક સ્કોર કયાં દેશ વિરૂદ્ધ નોંધાવ્યો છે ?
- ઇંગ્લેન્ડ

(૧૦) કરૂણ નાયર કયાં રાજ્ય તરફથી રમે છે ?
- કર્ણાટક

(૧૧) અનુપમ મિશ્ર કયા ક્ષેત્ર સાથે સંકળાયેલ છે ?
- પર્યાવરણવિદ્

## 21.December. 2016

**(૧) પાકિસ્તાનમાં પણ નોટબંધીની શરૂઆત :**

- પાકિસ્તાન સંસદે તેમના ચલણની ૫૦૦૦ની નોટ રદ કરવા મંજુરી આપી
- આગામી ત્રણથી પાંચ વર્ષમાં તબક્કાવાર આ નોટો રદ થશે.

**(૨) બનાસકાંઠા નડાબેટ ખાતે સિમાદર્શન**

- પાકિસ્તાન સરહદ નજીક આવેલા ઉત્તર ગુજરાતના બનાસકાંઠાના નડાબેટ ખાતેથી નાગરિકો હવેથી ‘સિમા દર્શન’ કરી શકે એવી વ્યવસ્થા ગોઠવાઇ છે.
- ૨૪મી ડિસેમ્બરે મુખ્યમંત્રી પ્રવાસીઓ માટે આ કાર્યક્રમને ખુલ્લો મુકશે.
- ગુજરાત ટુરીઝમને વધુ પ્રોત્સાહન આપવા માટે ‘બોર્ડર વ્યુઇંગ સેન્ટરનું પણ ઉદ્‌ઘાટન કરાશે.
- આ પ્રસંગે શહિદોના પરિવારોનું પણ સન્માન કરાશે.
- સૂઇગામથી ૨૦ કિમીના અંતરે આવેલા નડાબેટ ખાતે બીએસએફ દ્વારા રીટ્રીટ સેરેમની (પરેડ) ફ્યુઝન બેન્ડ કેમલ શો અને પક્ષી દર્શન પણ રજૂ કરાશે.
- નાડેશ્વર ખાતેના નાડેશ્વરી માતાના મંદિર ખાતે ચૈત્રી નોમના દિવસે ભરાતા મેળામાં વિશાળ સંખ્યામાં યાત્રિકો માતાના દર્શને આવે છે આ તમામ પ્રવાસીઓ સિમા દર્શનનો લાભ મેળવી શકશે.
- પ્રવાસીઓ દર શનિવાર અને રવિવાર ‘સિમા દર્શન’ કાર્યક્રમ માણી શકશે.
- જેના માટે કોઇ ફી રાખવામાં આવી નથી.
- રાજ્યના પ્રવાસન મંત્રી – ગણપતભાઇ વસાવા
- મુખ્યમંત્રી – વિજયભાઇ રૂપાણી

પ્રશ્ન :

(૧) તાજેતરમાં કયાં દેશમાં ૫૦૦૦ની નોટ રદ કરવા સંસદે મંજુરી આપી ?
- પાકિસ્તાન

(૨) આગામી સમયમાં ગુજરાતના કયા સ્થળેથી ‘સિમાદર્શન’ કાર્યક્રમ થશે ?
- બનાસકાંઠાના નડોબટ ખાતેથી

(૩) નાડેશ્વર ખાતેના નાડેશ્વરી માતાના મંદિરે કયો મેળો ભરાય છે ?
- ચૈત્રી માસ

(૪) કયા વારે ‘સિમાદર્શન’ કાર્યક્રમ યોજાશે ?
- દર શનિવાર અને રવિવાર

(૫) કયાં જિલ્લામાં ‘બોર્ડર વ્હાઇંગ સેંટરનું ઉદ્‌ઘાટન થશે ?
- બનાસકાંઠા

## 22.December. 2016

**(૧) ભારતીય ફિલ્મ ઓસ્કાર માટે નોમીનેટ થઇ :**

- ધ એકડમી ઓફ મોશન પિક્ચર આર્ટ્સ એન્ડ સાયન્સે ઓસ્કાર એવોર્ડ માટે નોમિનેટ થયેલી ફિલ્મોની યાદી બહાર પાડી
- આ યાદીમાં ભારતની બે ફિલ્મોનો સમાવેશ થયો છે.
  (૧) એમ. એસ.ધોની – ધ અનટોલ્ડ સ્ટોરી
  (૨) સરબજીત
- એમ.એસ.ધોનીની બાયોપીકમાં સુશાંતસિંહ રાજપૂતે મુખ્ય ભૂમિકા ભજવી હતી. જ્યારે ‘સરબજીત’માં ઐશ્વર્યા રાય અને હૂડા મુખ્ય ભૂમિકામાં હતા

**(૨) ઓસ્ટ્રેલિયન ઓપન (ટેનિસ) ની રકમમા ૧૪ ટકાનો વધારો**

- વર્ષના પ્રથમ ગ્રાન્ડસ્લેમ ઓસ્ટ્રેલિયન ઓપનની ઇનામી રકમમાં ૧૪ ટકાનો વધારો કરાયો છે.

- ઓસ્ટ્રેલિયન ઓપન વિજેતાઓને હવે ૩૭ લાખ અમેરિકન ડોલરની ઇનામી રકમ મળશે.
- ૨૦૧૬ના વર્ષમાં મેન્સ સિંગલ્સનું ટાઇટલ નોવાક જોકોવીચે જીત્યુ હતું જ્યારે વિમેન્સ સિંગલ્સનું ટાઇટલ એન્જલિક ક્ેબરે જીત્યું હતું.

(૩) મેરીકોમને લિઝેન્ડસ એવોર્ડથી સન્માનિત કરાઇ :

- ભારતીય બોક્સર મેરી –કોમને ઇન્ટરનેશનલ બોક્સિંગ ફેડરેશન (AIBA) દ્વારા લિઝેન્ડ્સ એવોર્ડથી સન્માનીત કરાઇ
- મેરીકોમ પાંચ વખતની વર્લ્ડ ચેમ્પિયન અને ઓલિમ્પિકમાં બ્રોન્ઝમેડલ વિજેતા છે.
- આ ઉપરાંત (AIBA) દ્વારા ભારતના વિકાસ કૃષ્ણને બેસ્ટ બોક્સરની ટ્રોફી એનાયત કરાઇ હતી.

પ્રશ્ન :

(૧) વર્ષના અંતે (AIBA) દ્વારા ભારતની કઇ બોક્સરને લિજેન્ડ્સ એવોર્ડથી સન્માનીત કરાઇ ?
- મેરીકોમ

(૨) AIBA દ્વારા ભારતના ક્યાં બોક્સરને બેસ્ટ બોક્સરની ટ્રોફી એનાયત કરાઇ ?
- વિકાસ કૃષ્નન

(૩) ઓસ્ટ્રેલિયન ઓપન ટેનિસમાં તાજેતરમાં કેટલા ટકા ઇનામ વધારવામાં આવ્યું ?
- ૧૪ ટકા

(૪) ઓસ્ટ્રેલિયન ઓપન મેન્સ સિંગલસ વિજેતા : ૨૦૧૬ ?
- નોવાક જોકોવીચ

(૫) ઓસ્ટ્રેલિયન ઓપન વિમેન્સ સિંગલ્સ વિજેતા ૨૦૧૬ ?
- એન્જલિક ફેબર

(૬) કઈ બે ભારતીય ફિલ્મ ઓસ્કાર માટે નોમીનેટ થઇ ?
- (૧) એમ.એસ.ધોની – ધ અનટોલ્ડ સ્ટોરી
- (૨) સરબજીત

(૭) એમ.એસ.ધોની ફિલ્મમાં ધોનીનું કિરદાર કોણ નિભાવ્યું ?
- શુષાંતસિંહ રાજપુત

(૮) સરબજીત ફિલ્મના મુખ્ય કલાકારો જણાવો ?
- ઐશ્વર્યા રાય, રણદિપ હુડા

## 23.December. 2016

(૧) મા કર્મયોગી યોજના :

- ગુજરાત સરકારમાં પાંચ વર્ષના બાંધ્યા વેતને કાયમી ભરતીથી નિયુક્ત થયેલા કર્મચારીઓ માટે સરકારે મા કર્મયોગી યોજના લોન્ચ કરી છે.
- ગરીબ અને મધ્યમવર્ગના નાગરિકો માટે જે રીતે મા વાત્સલ્ય યોજના ચાલે છે જે પેટર્ન મુજબ ફિક્સવેતનદારો અને તેમના પરિવારજનોને રૂા. બે લાખ સૂધીની મર્યાદામાં ગંભીર રોગોની સારવારનો ખર્ચ 'મા–કર્મયોગી' યોજના હેઠળ માફ કરવામાં આવશે
- આ યોજનાનો લાભ ફિક્સવેચન દારોને તેમના ફિક્સવેતનના સમયગાળા દરમિયાન જ મળશે.

(૨) દિલ્હીના ઉપરાજ્યપાલનું રાજીનામું :

- દિલ્હીના ઉપરાજ્યપાલ હતા
- દિલ્હીના ૨૦મા ઉપરાજ્યપાલ હતા
- નજીબ જંગ ૧૯૭૩ના મધ્યપ્રદેશ કેડરના આઇએએસ ઓફીસર છે.

(૩) આઇસીસી એવોર્ડઝ – ૨૦૧૬

- વર્ષ ૨૦૧૬ના અંતે આઇસીસી એ અલગ અલગ કેટેગરીમાં એવોર્ડ્ઝની જાહેરાત કરી.
- આઇસીસી આ એવોર્ડઝ ૧૪ સપ્ટેમ્બર, ૨૦૧૫ થી ૨૦ સપ્ટેમ્બર, ૨૦૧૬ વચ્ચેના પ્રદર્શન આધારે જાહેર કર્યા.
- ભારતીય ઓફ સ્પિનર રવિચંદ્રન અશ્વિનને આ વર્ષે શ્રેષ્ઠ પ્રદર્શન બદલ આઇસીસી ક્રિકેટર ઓફ ધ યર એવોર્ડ એનાયત થશે.
- આ માટે તેને સર ગારફિલ્ડ સોબર્સ ટ્રોફીથી નવાઝવામાં આવશે.
- સર ગારફિલ્ડ સોબર્સ એવોર્ડ મેળવનાર અશ્વિન દ્રવિડ અને તેડુંલકર બાદ ત્રીજો ભારતીય અને વિશ્વનો ૧૨ મો ખેલાડી બન્યો છે.
- આ ઉપરાંત અશ્વિનને ટેસ્ટ ક્રિકેટમાં શાનદાર પ્રદર્શન બદલ આઇસીસી ટેસ્ટ ક્રિકેટર ઓફ ધ યર પણ જાહેર કરાયો છે.
- આસીસી ના અન્ય એવોર્ડઝ :
- વન ડે પ્લેયર ઓફ ધ યર – ડી કૉક, (સાઉથ આફ્રિકા)
- ટી.૨૦ પર્ફોમન્સ ઓફ ધ યર (કાર્લોસ બ્રાથવેઇટ (વે.ઇ.)
- ઇમર્જીંગ પ્લેયર ઓફ ધ યર – એમ રહમાન (બાંગ્લાદેશ)
- એસોસિએટ પ્લેયર ઓફ ધ યર – શહઝાદ (અફઘાનિસ્તાન)
- વુમન વન ડે પ્લેયર ઓફ ધ યર– સુઝી બેટસ (ન્યુઝીલેન્ડ)
- વુમન ટી–૨૦ પ્લેયર ઓફ ધ યર – સુઝી બેટ્સ (ન્યુઝિલેન્ડ)
- સ્પિરિટ ઓફ ધ ક્રિકેટ – મિસબાહ (પાકિસ્તાન)
- અમ્પાયર ઓફ ધ યર – ઇરાસ્મુત (સાઉથ આફ્રીકા)
- આ ઉપરાંત આઇસીસી એ ટેસ્ટ ટીમ ઓફ ધ યર તેમજ વન – ડે ટીમ ઓફ યર પણ જાહેર કરી હતી
- સ્ટાર બોલર એશ્વિન એકમાત્ર ભારતીય ખેલાડી છે જેને ટેસ્ટ ટીમ ઓફ ધ યરમાં સ્થાન મળ્યું છે.
- ઇંગ્લેન્ડના એલિસ્ટર કુકને ટેસ્ટ ટીમના સુકાની બનાવવામાં આવ્યા છે.
- તથા વન ડે ટીમ ઓફ ધ યરમાં ભારતના ત્રણ ખેલાડી વિરાટ કોહલી, રોહિત શર્મા અને રવિન્દ્ર જાડેજાને સ્થાન મળ્યું છે.
- ઇંગ્લેન્ડના એલિસ્ટર કુકને ટેસ્ટ ટીમના સુકાની બનાવવામાં આવ્યા છે.
- તથા વન ડે ટીમ ઓફ યરમાં ભારતના ત્રણ ખેલાડી વિરાટ કોહલીને વન–ડે ટીમ ઓફ ધ યરના કેપ્ટન બનાવાયા છે.

(૪) ફિફા દ્વારા ફૂટબોલ રેન્કિંગ જાહેર કરાઇ :

- તાજેતરમાં ફિફા દ્વારા જાહેર કરાયેલ રેન્કિંગ મુજબ ભારતીય ટીમે છેલ્લા છ વર્ષનો શ્રેષ્ઠ રેન્ક મેળવ્યો
- આ વર્ષે ભારતીય ફૂટબોલ ટીમે ૧૩૫મો રેન્ક મેળવ્યો છે. જે ગત વર્ષે ૧૬૬મો હતો.

પ્રશ્નો :

(૧) તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા ફિક્સવેતનદારો માટે કઇ યોજના બહાર પાડી ?
- મા કર્મયોગી યોજના

(૨) દિલ્હીના ઉપરાજ્યપાલ પદેથી રાજીનામું આપ્યું તેનું નામ જણાવો ?

Vivekanand Academy Gandhinagar

- નજીબ જંગ

(૩) નજીબ જંગ કઈ બેચના આઇએએસ ઓફિસર છે ?
- એ૭૩ બેચના મધ્યપ્રદેશ કેડરના

(૪) તાજેતરમાં ફિફા દ્વારા જાહેર કરાયેલ રેન્કિંગ મુજબ ભારતીય ફૂટબોલ ટીમનો રેન્ક જણાવો.
- ૧૩૫

આઇસીસી એવોર્ડઝ – ૨૦૧૬ માટે નીચેના પ્રશ્નના જવાબ આપો.

(૫) ટેસ્ટ ક્રિકેટર ઓફ યર ?
- અશ્વિન

(૫) વન–ડે ક્રિકેટર ઓફ ધ યર ?
- ડી કોક

(૬) ટી–૨૦ પ્લેયર ઓફ ધ યર ?
- કાર્લોસ બ્રાથવેઇટ

(૭) ઇમર્જીંગ પ્લેયર ઓફ ધ યર ?
- એમ. રહેમાન

(૮) વુમન વન–ડે અને ટી–૨૦ પ્લેયર ઓફ ધ યર ?
- સુઝી બેટ્સ

(૯) ટેસ્ટ ટીમ ઓફ ધ યરમાં કયાં એકમાત્ર ભારતીય ખેલાડીને સ્થાન મળ્યું ?
- સાર અશ્વિન્

(૧૦) વન–ડે ટીમ ઓફ ધ યર માં કેટલા ભારતીય ખેલાડીઓને સ્નાન મળ્યું ? કયાં કયાં ?
- ત્રણ (૧) વિરાટ કોહલી (૨) રોહિત શર્મા (૩) રવિન્દ્ર જાડેજા

(૧૧) વન–ડે ટીમ ઓફ ધ યરના સુકાની ?
- વિરાટ કોહલી

(૧૨) આઇસીસી ક્રિકેટર ઓફ ધ યર એવોર્ડ ?
- આર. અશ્વિન

(૧૩) સર ગારફિલ્ડ સોબર્સ એવોર્ડ મેળવનાર અશ્વિન કેટલામો ભારતીય છે ?
- ત્રીજો

## 24.December. 2016

**(૧) રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિન :**

**(૨) એશિયન લુગ ચેમ્પિયનશીપ :**
- તાજેતરમાં જાપાનમાં યોજાયેલી એશિયન લુગ ચેમ્પિયનશીપમાં ભારતના શિવા કેશવને ગોલ્ડ જીત્યો.
- લુગ એ બરફમાં ચાલતી એક પ્રકારની સ્લેજ ગાડી હોય છે.
- જેને જોરથી ધક્કો મારીને દોડાવવાની સાથે ખેલાડીએ તેમા ચડવાનું હોય છે.
- નિર્ધારિત રાઉન્ડ દરેક ખેલાડી કેટલા સમયમાં પસાર કરે છે. તેના આધારે વિજેતા નક્કી થાય છે.
- શિવા કેશવન પાંચ વખત શિયાળુ ઓલિમ્પિકમાં ભારતનું પ્રતિનિધિત્વ કરી ચૂક્યા છે.

**(૩) સૌથી વધુ કમાણી કરનાર સેલિબ્રિટીઝની યાદી : ફોર્બ્સ**
- પ્રખ્યાત મેગેઝિન ફોર્બ્સે ૨૦૧૬ના વર્ષમાં ભારતમાં સૌથી વધુ કમાણી કરતા સેલિબ્રિટીઝની યાદી બહાર પડાઇ
- આ યાદીમાં ૨૭૦.૩૩ કરોડની આવક સાથે સલમાન ખાન પ્રથમ ક્રમે છે.
- ટોપ–૫માં સ્થાન પામેલ સેલિબ્રિટી :
  (૧) સલમાન ખાન
  (૨) શાહરૂખ ખાન
  (૩) વિરાટ કોહલી
  (૪) અક્ષય કુમાર
  (૫) એમ.એસ ધોની

પ્રશ્ન :

(૧) ૨૪ ડિસેમ્બરના રોજ કયો રાષ્ટ્રીય દિવસ મનાવાય છે ?
- રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિન

(૨) તાજેતરમાં એશિયન લુગ ચેમ્પિયનશીપનું આયોજન કયાં થયું ?
- જાપાન

(૩) એશિયન લુગ ચેમ્પિયનશીપમાં ગોલ્ડ મેડલ મેળવનાર ભારતીય ?
- શિવા કેશવન

(૪) તાજેતરમાં સૌથી વધુ કમાણી કરનાર સેલીબ્રિટીઝ ફોર્બ્સની યાદીમાં પ્રથમ ક્રમે કોણ છે ?
- સલમાન ખાન

## 25.December. 2016

**(૧) રાષ્ટ્રીય સુશાસન દિવસ :**
- ભારતના પૂર્વ વડાપ્રધાન અટલબિહારી વાજપાયીની જન્મજયંતિ
- જન્મ : ૨૫ ડિસેમ્બર ૧૯૨૪
- તેઓ ભારતના ૧૦માં વડાપ્રધાન હતા
- વર્ષ ૨૦૧૫માં તેમને 'ભારત રત્ન' એવોર્ડથી સન્માનીત કરવામાં આવ્યા હતા.
- 'જય જવાન, જય કિસાન અને જય વિજ્ઞાન' ના સુત્રદાતા અટલજીને ૧૯૯૨માં પદ્મ વિભૂષણથી પણ સન્માનીત કરાયા હતા.

**(૨) અરબી સમુદ્રના ખડક પર બનશે છત્રપતિ શિવાજી મહારાજનું સ્મારક :**
- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૪ ડિસેમ્બરના રોજ મુંબઇમાં શિવાજી મેમોરીયલ માટે જળપૂજન કર્યું.
- અરબી સમુદ્રમાં છત્રપતિ શિવાજી મહરાજનું સ્મારક બનશે.
- આ સ્મારકની ઉંચાઇ ૧૯૨ મીટર જે અમેરિકાના સ્ટેચ્યુ ઓફ લિબર્ટી કરતા બમણી ઉંચાઇનું હશે
- કુલ પ્રતિમાની ઉંચાઈ– ૧૯૨ મીટર (ધોડો સહિત) માત્ર શિવાજીની પ્રતિમાની ઉંચાઈ ૧૧૪ મીટર હશે.
- ૩૬,૦૦૦ કરોડ રૂપિયાના ખર્ચ તૈયાર થનાર આ સ્મારક વિશ્વનું સૌથી ઉંચુ સ્મારક હશે.
- ૩૨ એકર જમીન ઉપર આ સ્મારક બનશે જેમાં એક સાથે ૧૦,૦૦૦ લોકો મુલાકાત લઇ શકશે.

**(૩) પી.વી. સિંધુ – મોસ્ટર સર્ચ ઓપરેશન :**
- સર્ચ એન્જિન ગૂગલના અહેવાલ મુજબ ચાલુ વર્ષ ભારતમાં મોસ્ટ સર્ચ સ્પોટ્પર્સન પી.વી. સિંધુ બની
- ટોપ–૧૦ માં જિમ્નાસ્ટ દિપા કર્માકર તેમજ મહિલા કુસ્તીમાં ભારત માટે પ્રથમ મેડલ જીતનાર સાક્ષ મલીક વિરાટ, કોહલી, એમ.એસ. ધોની, સચીન તેડુંલકર, કિદામ્બીશ્રીકાંત તથા સાનિયા મિર્ઝા રહ્યા હતા.
- ગુગલની ઓવરઓલ યાદીમાં પ્રથમ ક્રમે એમરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ તથા બીજા ક્રમે પી.વી. સિંધુ છે.

**(૪) સ્વિટી બુરા બોક્સર :**

Vivekanand Academy Gandhinagar

- તાજેતરમાં આંતરરાષ્ટ્રીય બોક્સિંગ એસોસિએશન (AIBA) દ્વારા વર્ષના અંતે રેન્કિંગ જાહેર કરાયા
- મહિલા બોક્સિંગ રેન્કિંગમાં ભારતની સ્વિટી બુરાને બીજું સ્થાન મળ્યું ?
- સ્વિટી બુરાને ૮૧ કિગ્રા વજન વર્ગના ૧૫૦૦ પોઇન્ટ્સ મળ્યા હતા
- જ્યારે મેન્સ બોક્સિંગમાં ભારતના વિકાસ ક્રિષ્નને ૭૫ કિ.ગ્રા વજન વર્ગની કેટેગરીમાં ચોથો ક્રમ પ્રાપ્ત કર્યો હતો.

પ્રશ્નો :

(૧) ૨૫ ડિસેમ્બરના રોજ કયો રાષ્ટ્રીય દિવસ મનાવાય છે ?
- રાષ્ટ્રીય સુશાસન દિવસ

(૨) કયા વર્ષમાં અટલબિહારી વાજપાઇને ભારતરત્નથી નવાજવામાં આવ્યા હતા ?
- ૨૦૧૫

(૩) અટલબિહારી વાજપાઇ ભારતના કેટલામાં વડાપ્રધાન હતા ?
- ૧૦મા

(૪) અરબી સમુદ્રના ખડક પર કોનું સ્મારક બનશે ?
- છત્રપતિ શિવાજી મહારાજ

(૫) અરબી સમુદ્રમાં બનનાર શિવાજી મહારાજના સ્મારકની ઉંચાઇ જણાવો
- ૧૯૨ મીટર

(૬) શિવાજીના સ્મારકમાં ઘોડા વિના માત્ર શિવાજીની પ્રતિમાની ઉંચાઇ કેટલી હશે ?
- ૧૧૪ મીટર

(૭) ગુગલના મોસ્ટ સર્ચ સ્પોર્ટપર્સન ઓફ ધ યર કયાં ખેલાડી બન્યા ? (ભારતમાં)
- પી.વી. સિંધુ

(૮) ગુગલની ઓવરઓલ વૈશ્વિક યાદીમાં પ્રથમ ક્રમે કોણ છે ?
- ડોનાલ્ડ ટ્રમ્પ

(૯) ભારતની સ્વિટી બુરા કઇ રમત સાથે સંકળાયેલછે ?
- બોક્સિંગ

(૧૦) આંતરરાષ્ટ્રીય બોક્સિંગ એસોસિએશનના રેન્કિંગ મુજબ ભારતની સ્વિટી બુરાને કેટલા કિલો વજન વર્ગમાં દ્વિતિય ક્રમ મળ્યો ?
- ૮૧

(૧૧) મેન્સ બોક્સિંગમાં ભારતના વિકાસ ક્રિષ્નનને ૭૫ કિગ્રા વજન વર્ગમાં કેટલામો રેનક મળ્યો ?
- ચોથો

## 26.December. 2016

**(૧) દિનાનાથ ભાર્ગવ :**
- રાષ્ટ્રીય ચિહ્ન આપનારા દિનાનાથ ભાર્ગવનું નિધન
- રાષ્ટ્રીય ચિહ્ન અશોક સ્તંભનું સ્કેચ તૈયાર કરનાર ટીમના તેઓ સભ્ય હતા
- તેમજ ભારતીય બંધારણની પાંડુલિપિના પૃષ્ઠો તૈયાર કરનારા ચિત્રકાર દિનાનાથ ભાર્ગવતો જન્મ ૧ નવેમ્બર, ૧૯૨૭ના રોજ થયો હતો.
- તેઓ મધ્યપ્રદેશના બેતુલ જિલ્લાનાથ મુલ્તાઇ ગામના વતની હતા.

**(૨) સિરિયા જતુ રશયાનું વિમાન ક્રેશ :**
- નવું વર્ષ ઉજવવા જઇ રહેલા રશિયન સૈન્યના કલાકારોનું પ્લેટ સિરિયા જતા બ્લેક સીમાં ક્રેશ થયું.
- વિમાનમાં સરકારી કર્મચારી અને મિલિટ્રી બેન્ડના ૬૪ કલાકારો તેમજ ૯ પત્રકારો પણ હતા
- રશિયાના દક્ષિણી શહેરી સોચી પાસે બ્લેક સી માં આ વિમાન ટીપી-૧૫૪ ક્રેશ થયું હતું. જેમાં અંદાજે ૯૨ લોકોના મોત નિપજ્યા હતા.

પ્રશ્નો :

(૧) દિનાનાથ ભાર્ગવ કયાં ક્ષેત્ર સાથે સંકળાયેલા છે ?
- ચિત્રકાર

(૨) દિનાનાથ ભાર્ગવ કયાં રાષ્ટ્રીય ચિહનના સ્કેચ તૈયાર કરનારી ટીમના રાજ્ય હતા ?
- અશોક સ્તંભ

(૩) દિનાનાથ ભાર્ગવનંદુ ભારતીય બંધારણમાં શું યોગદાન રહ્યું હતું ?
- બંધારણની પાંડુલિપિના પૃષ્ઠો તૈયાર કરનાર ટીમના ચીત્રકાર

(૪) દિનાનાથ ભાર્ગવનું અવસાન ક્યારે થયું ?
- ૨૫ ડિસેમ્બર, ૨૦૧૬

(૫) દિનાનાથ ભાર્ગવ ક્યાંના વતની હતાં ?
- મધ્યપ્રદેશના બેતુલ જિલ્લાના મુલ્તઇ ગામ

(૬) તાજેતરમાં સિરિયા જઇ રહેલ રશિયન પ્લેન કઇ જગ્યા પર ક્રેશ થયું ?
- રશિયાના દક્ષિણી શહેર સોચી પાસે બ્લેક સીમાં

(૭) સિરિયા જઇ રહેલ રશિયન પ્લેન ક્રેશ થયું તેનું નામ જણાવો ?
- ટીમ – ૧૫૪

## 27.December. 2016

**(૧) ભારતે અગ્નિ-૫ મિસાઇલનું સફળ પરિક્ષણ કર્યુ.**
- ભારતે પોતાની સૌથી શક્તિશાળી અને ઇન્ટર કોન્ટનેન્ટલ બેલેસ્ટિક પરમાણુ મિસાઇલ અગ્નિ-૫નું સફળ પરિક્ષણ કર્યુ.
- આ પરિક્ષણ ઓડિશાથી દુર આવેલા અબ્દુલ કલામ આઇલેન્ડ ખાતે કરાયું હતું.
- આ મિસાઇલ ૩ સ્ટેજનું બનેલું છે અને મોબાઇલ લોન્ચિંગ પ્લેટફોર્મ પરથી લોન્ચ થઇ શકે છે.
- અગ્નિ-૫ ની રેન્જ ૫૦૦૦ કિલોમીટરથી પણ વધારે છે.
- વજન – ૫૦ ટન, લંબાઇ – ૧૭ અને વ્યાસ ૨ મીટર છે.
- ડીઆરડીઓ દ્વારા તૈયાર થયેલ આ મિસાઇલ ૧ ટન પરમાણુ શસ્ત્રો લઇ જવા સક્ષમ છે.
- પરમાણુ મિસાઇલ હોવાથી ભારતીય સેનાની ત્રણ પૈકી કોઇ એક પાંખ સાથે તેને જોડવામાં આવતું નથી, પરંતુ આ મિસાઇલોને હેન્ડલ કરવા માટે ખાસ સ્ટ્રેટજીક કમાન્ડ ફોર્સની રચના વર્ષ ૨૦૦૩માં વાજપેયી સરકારે કરી હતી.
- વડાપ્રધાનની દેખરેખ નીચે કામ કરતાં એમ એફસી. હેઠળ જ અગ્નિ સિરિઝના બધા મિસાઇલો આવે છે.
- ફક્ત વડાપ્રધાનના આદેશ પછી જ આ મિસાઇલનો ઉપયોગ થઇ શકે છે.

## 28.December. 2016

**(૧) સમિત ગોહેલ : ક્રિકેટર**
- તાજેતરમાં રણજી ટ્રોફીમાં આણંદના સમિત ગોહેલ ત્રેવડી સદી ફટકારી

Vivekanand Academy Gandhinagar

- ગુજરાત તરફથી રમતા સમિતે આ ત્રેવડી સદી આડિશા વરૂદ્ધ ફટકારી હતી.
- ૨૦૧૬-૧૭ની સિઝનમાં સમિતનો વ્યક્તિગત સર્વોચ્ચ સ્કોર છે.
- સમિતિ ગોહેલ રણજી ટ્રોફીના ૮૨ વર્ષના ઇતિહાસમાં સર્વોચ્ચ સ્કોર કરનારા બેટ્સમેનોમાં હવે પાંચમાં ક્રમે છે.
- વર્ષ ૧૯૪૮-૪૯માં બી.બી. નિમ્બાલકરે મહારાષ્ટ્ર તરફથી રમતા કાઠિયાવાડ વિરૂદ્ધ ૪૪૩ રન ફટકાર્યા હતા.

**(૨) IOA ના આજીવન પ્રેસિડેન્ટ બનાવાયા :**

- ઇન્ડિયન ઓલિમ્પિક એસોસિએશન દ્વારા સુરેશ કલમાડી અને અલપ ચૌટાલાને સર્વસંમતીથી લાઇફટાઇમ પ્રેસિડેન્ટ બનાવાયા છે.

**(૩) ચારધામ યાત્રા માટે વડાપ્રધાને રોડનો શિલાન્યાસ કર્યો.**

- ચારધામ યાત્રા દરમિયાન લોકોને થતી પરેશાની ઉકેલવા સરકારે નવી યોજના જાહેર કરી
- વડાપ્રહધાન નરેન્દ્ર મોદીએ દહેરાદૂન ખાતે ચારધામ મહામાર્ગ વિકાસ પરિયોજનાનો શિલાન્યાસ કર્યો.
- આ યોજના હેઠળ સરકાર ઓલવેધર રોડ બનાવશે.
- ઋષિકેશથી શરૂ થનારો આ પ્રોજેક્ટ કેદારનાથ, બદ્રીનાથ, ગંગોત્રી અને યમનોત્રી સૂધી જશે.
- આ ઓલવેધર રોડ ધાર્મિક સ્થળોને જોડતો હોવાથી ચારધામ વિકાસ પરિયોજના નામ અપાયું છે.
- હાઇવેથી ચારધામ વચ્ચેનું અંતર ૮૧૩ કિ.મી.થી ઘટીને ૩૮૯ કિ.મી. થઇ જશે.
- અંદાજીત ખર્ચ : ૧૨૦૦ કરોડ રૂ.

## 29.December. 2016

**(૧) અનિલ બૈજલ**

- દિલ્હીના લેફ્ટ ગવર્નર પદે અનિલ બૈજલની નિમણૂંક
- તેઓ ૧૯૬૯ બેચના આઇએએસ અધિકારી છે.
- ૭૦ વર્ષના બૈજલ ૨૦૦૬માં નિવૃત્ત થયેલા
- વાજપાઇ સરકારમાં ગૃહ મંત્રાલયના સચિવ તરીકે તેમણે સેવા આપી હતી.

**(૨) વિરલ આચાર્ય :**

- આરબીઆઇના ડેપ્યુટી ગવર્નર પદે વિરલ આચાર્યની નિમણૂંક
- ઉર્જીત પટેલ ગવર્નર બનતા ખાલી પડેલ જગ્યા પર ત્રણ વર્ષ માટે વિરલ આચાર્યની નિયુક્તિ
- હાલમાં તેઓ ન્યુયોર્ક યુનિવર્સિટીની સ્ટેન સ્કુલ ઓફ બિઝનેસના ફાઇનાન્સ વિભાગમાં અર્થશાસ્ત્રના પ્રોફેસર છે.
- ૧૯૯૫માં તેઓએ આઇઆઇટી મુંબઇમાંથી કોમ્પ્યુટર સાયન્સ એન્ડ એન્જિનિયરીંગમાં બી ટીકેની ડીગ્રી મેળવી
- આ ઉપરાંત તેઓ મ્યુઝીકલ કંમ્પોઝર પણ છે. વર્ષ ૨૦૦૬-૦૭માં તેમણે પોતાનું મ્યુઝીક આલ્બમ ‘યાદો કે સિલસિલે’ બહાર પાડ્યો હતો.

**(૩) સુંદરલાલ પટવા :**

- મધ્યપ્રદેશના પૂર્વમુખ્યમંત્રી અને ભાજપના વયોવૃદ્ધો નેતા સુંદરલાલ પટવાનું અવસાન
- તેઓ ૨૦ જાન્યુઆરી, ૧૯૮૦માં રાજ્યના સી.એમ. બન્યા હતા.
- પટવાને હાલના મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહના રાજકીય ગુરૂ માનવામાં આવે છે.

## 30.December. 2016

**(૧) વેરા રૂબિન : મહિલા ખગોળશાસ્ત્રી**

- ડાર્ક મેટર વિશે મહત્વપૂર્ણ સંશોધન કરનારા અમેરિકન મહિલા ખગોળશાસ્ત્રી વેરા રૂબિનનું અવસાન.
- ડાર્કમેટર એટલે એવા પદાર્થ જો જોઇ શકાતો નથી પરંતુ તની હાજરીના સાંયોગિક પુરાવા મળે છે.
- અત્યારે વિજ્ઞાનીઓ બ્રહ્માઇનું જેટલું કદ ધારે છે. તેના ૯૭% હિસ્સો એકલા ડાર્ક મેટરનો છે.
- ૧૯૯૩માં અમેરિકી પ્રમુખ બિલ ક્લિન્ટને વેરાને તેના સંશોધનો માટે પ્રેસિડેન્ટ મેડલ આપ્યો હતો.
- તેમણે કારકિર્દીમાં ૨૦૦ થી વધારે આકાશગંગાનો અભ્યાસ કર્યો હતો.

**(૨) એના ઇવાનોવિક – ટેનિસ :**

- વિશ્વની પૂર્વ નંબર ટેનિસ ખેલાડી એના ઇવાનોવિકે નિવૃત્તી જાહેર કરી.
- સ્પેનની ઇવાનોવિકે ૨૦૦૮માં ફ્રેંચ ઓપન ગ્રાન્ડ સ્લેમ જીત્યુ હતું તેમજ એ જ વર્ષે ઓસ્ટ્રેલિયન ઓપનમાં રનર્સ અપ રહી હતી
- આ ઉપરાંત ૨૦૦૮માં ૧૨ અઠવાડીયા સૂધી તે નંબર વન રહી હતી.
- નિવૃત્તી સમયે તે ૬૩માં ક્રમે હતી.

**(૩) શશિકલા નટરાજન**

- તમિલનાડુના પૂર્વ મુખ્યમંત્રી જયલલિતા અવસાન બાદ શશિકલા નટરાજનને અન્નાહમુક પાર્ટીના અધ્યક્ષ ચૂંટવામાં આવ્યા
- ચિનમ્મા તરીકે ઓળખાતા શશિકલાને સીએમ પનિરસેલ્વમ દ્વારા નેતા ચૂંટવાનો ઠરાવ આપવામાં આવ્યો હતો.

## 31.December. 2016

**(૧) ‘ભીમ’ એપ :**

- ડિજિટલ પેમેન્ટને પ્રોત્સાહન આપવા વડાપ્રધાને દિલ્હી ખાતે ડિજિટલ મેળાની શરૂઆત કરી છે.
- આ ડિજિટલ મેળામાં વડાપ્રધાને હાજરી આપી ‘ભીમ’ એપ્લીકેશન લોન્ચ કરી હતી.
- ભીમ : ભારત ઇન્ટરફેસ ફોર મની
- દિલ્હીના તાલકટોરા સ્ટેડિયમ ખાતે ભીખ એપનું લોન્ચિંગ કર્યું હતું.
- ઇન્ટરનેટ વગર માત્ર અંગૂઠાના ઇશારે તમામ ટ્રાન્જેક્શન થઇ શકશે.
- નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા (એનસીપઆઇ) દ્વારા ભીમ એપ બનાવવામાં આવી છે.
- એક વખત આ એપ ડાઉનલોડ થવા બાદ ફરી ઉપયોગ કરવા ઇન્ટરનેટની જરૂર નહીં રહે
- હાલમાં હિન્દી અને અંગ્રેજી બે ભાષામાં રજૂ કરાઇ છે.
- એક દિવસમાં ઓછામાં ઓછુ ૧૦ હજાર અને વધુમાં વધુ ૨૦ હજારનું પેમેન્ટ ટ્રાન્સફર કરી શકાશે.

**(૨) અરૂણાચલ પ્રદેશના સી.એમ. સસ્પેન્ડ**

- અરૂણાચલ પ્રદેશના મુખ્ય પ્રધાન પેમા ખાંડુને રાજકીય પક્ષ પીપીએમમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા
- પક્ષવિરોધી પ્રવૃત્તિ કરવા માટે તેમને પક્ષમાંથી હંગામી ધોરણે સસ્પેન્ડ કરાયા.

Vivekanand Academy Gandhinagar